البلاغ

AL-BALAG MONTHLY

# જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

## માસિક

## ઓક્ટોબર-૨૦૧૯

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

ખુદાના ઝિક્રમાં દિલનું સુકૂન છે.

ગુનાહોમાં દિલની બેચેની છે.

મતલબ એ થયો કે દિલ બેચેન હોય કે મુંઝવણ હોય, તો અલ્લાહ તઆલા પાસે માંફી માંગવી જોઈએ અને શકય એટલો વધારે ઝિક્ર કરવો જોઈએ. બસ આ ઈલાજ છે દિલની બેચેની માટે...

### અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| અહલે કિતાબના સાચા લોકો | ૫ |
| મઆરિફુલ હદીસ | ૮ |
| જિહાદ એટલે શું ? | ૧૪ |
| અબ્બાસી ખલીફા મન્સૂર | ૧૮ |
| ભારતીય સંસ્કૃતિ, ઈસ્લામનો પ્રભાવ | ૨૦ |
| જમીઅતે ઉલમા– ભરૂચની મીટીંગ | ૨૩ |
| ઈસ્લામનો અર્થ અને કાર્યવર્તૂળ | ૨૫ |
| હઝ. મવ. યૂસુફ મોતાલા રહ. | ૨૭ |
| અલ્લાહની મદદ કઈ રીતે ? | ૩૦ |
| ફતાવા વિભાગ | ૩૨ |
| બોધકથા | ૩૪ |
| Interest | ૩૫ |
| છેલ્લા પાને | ૩૮ |



**અલ બલાગ**

માસિક

માનદ તંત્રી :

**મુફ્તી અહમદ દેવલ્વી**

ઓકટોબર – ૨૦૧૯ ઈ.

સફર –૧૪૪૧ હિ.

વર્ષ – ૧૯, અંક – ૮

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

*તંત્રી સ્થાનેથી ....*

ભારત, મુસલમાનોના આગમન પહેલાં અનેક જ્ઞાતિઓ, કબીલાઓ અને રાજા રજવાડાઓમાં વહેંચાયેલું હતું. ભારતીય સંસ્કૃતિ કોઈ કાળે વિશ્વપ્રસિદ્ધ અને સમૃદ્ધ હતી, એ વિરાસત વિસરાય ગઈ હતી, અને મોગલો કે મુસલમાનોના આગમન સમયે તો ભારત દુનિયાથી વિખુટો પડી ગયેલો અને પછાત પ્રદેશ હતો, અહિંયા ફકત રાજાઓ અને પૂજારીઓ અંધશ્રદ્ધા અને સત્તાના જોરે પ્રજા ઉપર રાજ કરતા હતા. મુસલમાનો પહેલાં પણ ભારત ઉપર અનેક આક્રમણખોરો આવ્યા હતા, જે દેશની દોલત લૂટીને જતા રહેતા હતા. અને છેલ્લે અંગ્રેજોએ પણ એમ જ કર્યું. ભારતમાં પણ રાજાઓ દોલત લૂટવા એકબીજા પ્રદેશો ઉપર આક્રમણ કરતા અને ચડી આવતા હતા. મુસ્લિમ રાજાઓએ અહિંયાની દોલતને રાજા મહારાજાઓના હાથમાં જતી બચાવી એટલું જ નહીં, પોતે પણ આ દોલતને બહાર લઈ જવાને બદલે આ દેશને પોતાનું વતન બનાવીને દેશના વિકાસમાં લગાવી દીધી. મુસલમાનોના શાસનકાળમાં ભારતની ગણના અતિસમૃદ્ધ અને સમર્થ દેશોમાં થવા લાગી. આ મુસ્લિમ કાળમાં જ ભારતની સમૃદ્ધિને દર્શાવવા માટે ભારતને 'સોનાની ચકલી' કહેવામાં આવતું હતું. ભારતના આવનારા મુસ્લિમ શાસકોએ પોતાનું વતન છોડીને ભારતને પોતાનું વતન બનાવ્યું, પોતાના શાસનમાં અહિંયાના મુળ વતનીઓને પણ ભાગીદાર કર્યા. એમને મોટા હોદાઓ, વિવિધ વિભાગો અને સેનાના અફસર બનાવ્યા. શાસનના કામોમાં હિંદુ મુસ્લિમનો ભેદભાવ રાખ્યા વગર કાબેલ માણસને જવાબદારી સોંપવામાં આવતી હતી. રાજાઓ, વઝીરો, અફસરો, મંદિરો અને જવાબદાર વ્યકિતઓને મોટી જાગીરો આપવામાં આવતી હતી. હિંદુઓને અનેક પ્રદેશોના ગર્વનર પણ બનાવવામાં આવતા હતા. બલકે એક સમયમાં તો ભારતના મુસ્લિમ શાસક તરફથી સંપૂર્ણ મુસ્લિમ

વસતી ધરાવતા અફગાનિસ્તાન ઉપર પણ રાજપૂત ગર્વનરની નિમણુક કરવામાં આવી હતી.

ઈતિહાસકારોના લખવા મુજબ અકબર, જહાંગીર, શાહજહાં, ઓરંગઝેબ અને ત્યાર પછીના બધા જ શાસકોના સમયમાં હિંદુ – મુસ્લિમ સમાન હેસિયત ધરાવતા હતા. દરેક બાદશાહ તરફની મંદિરોને જાગીરો આપવાના પુરાવાઓ ઈતિહાસમાં મળી આવે છે. અફસોસ આ વાતનો છે કે અંગ્રેજાએ આવીને ફકત મુસ્લિમો તરફેની એમની ધૃણાથી પ્રેરાયને ઈતિહાસમાં મુસલમાનોને અત્યાચારી ચીતરવાની કોશિશ કરી. શાસન દરમિયાન ગુનેગાર કે બગાવતીઓ સાથે કરવામાં આવતા વહેવારને હિંદુ – મુસ્લિમનું રૂપ આપીને વર્ણન કર્યું. ફકત એટલા માટે આ શાસકો અહિંયાના મુળ વતની ન હતા, એમને આક્રમણખોરો અને લુટારાઓ કહેવામાં આવ્યા.

અફસોસજનક બાબત આ છે કે આજે આ જ વિચારસરણીને સાચી ગણવામાં આવે છે, ભારતીય હિંદુઓનો એક વર્ગ એટલા માટે કે મુસલમાનોનો ધર્મ એમનાથી જુદો છે, મુસલમાનોને પોતાના દુશ્મન સમજે છે, અને એમની સઘળી પ્રવૃતિઓ ફકત આ નકારાત્મક બિંદુના આસપાસ જ હોય છે. ન્યાયની વાત આ છે કે દરેક બાબતને એના હકારાત્મક અને નકારાત્મક પાસાંઓ અને પરિણામોના આધારે મુલવવી જોઈએ, પણ એનાથી ઉલટું લોકોને એવું ઠસાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે કે સઘળી સમસ્યાઓનું મુળ ફલાણો ધર્મ અથવા એના માનનારા લોકો છે.

સ્પષ્ટ છે કે આ ખોટી રીત છે, એનું નુકસાન ગમે ત્યારે પાછું ફરીને ત્યાં જ આવીને અટકશે જયાંથી આ ખોટી પ્રથાની શરૂઆત થઈ હતી. પરંતુ ... સત્તાનો ટુંકો રસ્તો અને આંધળી ધર્માંધતા માણસને ન્યાયને રસ્તે ચાલવાથી રોકી રહયાં છે.

# અહલે કિતાબના સારા - સાચા લોકો અને ઈમાન વગરની ખૈરાતનું ઉદાહરણ

—• મુફતી ફરીદ અહમદ કાવી

بسم اللہ الرحمن الرحیم

لَيْسُوْا سَوَآءً ؕ مِنْ اَهْلِ الْكِتٰبِ اُمَّةٌ قَآئِمَةٌ
يَّتْلُوْنَ اٰيٰتِ اللّٰهِ اٰنَآءَ الَّيْلِ وَهُمْ يَسْجُدُوْنَ ﴿۱۱۳﴾
يُؤْمِنُوْنَ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَيَاْمُرُوْنَ
بِالْمَعْرُوْفِ وَيَنْهَوْنَ عَنِ الْمُنْكَرِ وَيُسَارِعُوْنَ فِي
الْخَيْرٰتِ ؕ وَاُولٰٓئِكَ مِنَ الصّٰلِحِيْنَ ﴿۱۱۴﴾ وَمَا يَفْعَلُوْا
مِنْ خَيْرٍ فَلَنْ يُّكْفَرُوْهُ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ بِالْمُتَّقِيْنَ ﴿۱۱۵﴾
اِنَّ الَّذِيْنَ كَفَرُوْا لَنْ تُغْنِيَ عَنْهُمْ اَمْوَالُهُمْ وَلَآ
اَوْلَادُهُمْ مِّنَ اللّٰهِ شَيْـًٔا ؕ وَاُولٰٓئِكَ اَصْحٰبُ النَّارِ ۚ
هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۱۱۶﴾ مَثَلُ مَا يُنْفِقُوْنَ فِيْ هٰذِهِ
الْحَيٰوةِ الدُّنْيَا كَمَثَلِ رِيْحٍ فِيْهَا صِرٌّ اَصَابَتْ حَرْثَ
قَوْمٍ ظَلَمُوْٓا اَنْفُسَهُمْ فَاَهْلَكَتْهُ ؕ وَمَا ظَلَمَهُمُ
اللّٰهُ وَلٰكِنْ اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿۱۱۷﴾

***તરજુમહ :*** બધા લોકો સરખા નથી, અહલે કિતાબમાં એક કોમ સીધી (રાહ પર) છે, તેઓ રાતની ઘડીઓમાં નમાઝ પઢતા હોય છે ત્યારે અલ્લાહની આયતો (કુર્આન) પઢે છે. (૧૧૩) તેઓ અલ્લાહ ઉપર અને કયામતના દિવસ પર ઈમાન ધરાવે છે, અને નેક કામોની આજ્ઞા (પ્રેરણા) આપે છે તથા ખોટાં કામોથી રોકે છે તેમજ નેક કામોની પહેલ કરે છે. એમને જ નેક લોકોમાં ગણવામાં આવે છે. (૧૧૪) અને તેઓ જે કંઈ પણ ભલાઈ કરશે, તેની નાકદરી નહીં કરવામાં આવે. અને અલ્લાહ પરહેઝગારોને ખૂબ જાણે છે. (૧૧૫) બેશક, જે લોકો કાફિર થયા છે, એમને તેમનો માલ અને અવલાદ અલ્લાહ તઆલા સામે જરા પણ કામ નહિ આવે. અને આ જ લોકો દોઝખ વાળા છે. તેઓ સદા એમાં જ રહેશે. (૧૧૬) દુન્યાવી જિંદગીમાં

તેઓ જે ખર્ચ કરે છે એની મિસાલ એવી બરફ (હિમ) વાળી હવાની જેમ છે, જે પોતે પોતાના ઉપર ઝુલમ કરનાર લોકોની ખેતી ઉપર આવી પડે, પછી એને બરબાદ કરી દે. (આ બધામાં) અલ્લાહ તઆલાએ એમના ઉપર ઝુલમ કર્યો નથી, બલકે તેઓ જ પોતાના ઉપર ઝુલમ કરતા હોય છે. (૧૧૭)

તફસીર : અગાઉની આયતોમાં એવા અહલે કિતાબ (યહૂદી – ઈસાઈ) લોકોનું વર્ણન હતું, જેઓએ એમના પોતાના સ્વાર્થ ખાતર દીનમાં ફેરફાર કરી દીધો હતો, અને છેલ્લા નબી મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની નુબુવ્વતનો એકરાર પણ કરતા ન હતા. આ આયતમાં અલ્લાહ તઆલા ફરમાવે છે કે બધા જ અહલે કિતાબ નાફરમાની અને ઈન્કારમાં એકબીજાના સરીખા નથી. બલકે ઘણા સારા – નેક પણ છે. જેઓ સત્ય સ્વીકારીને નુબુવ્વતે મુહમ્મદી ઉપર ઈમાન લાવ્યા છે. તેઓ સીધી રાહ (ઈસ્લામ) ઉપર આવી ગયા છે, રાતના વિવિધ સમયોમાં ઈશાની કે તહજ્જુદની તમાઝ પણ પઢે છે. અને એમાં કુરઆનની તિલાવત કરે છે. આ લોકો સાચા ઈમાનદાર છે. નેક અને ખૈરાતના કામોમાં પહેલ કરે છે. અને અન્યોને હકારાત્મક બાબતોની પ્રેરણા આપે છે તો નકારત્મક બાબતોથી રોકે છે. હઝરત અબ્દુલ્લાહ બિન સલામ રદિ., હઝરત ષઅલબહ બિન સઈદ રદિ. હઝરત અસદ બિન ઉબૈદ રદિ. વગેરે સહાબાના નામ તફસીરકારોએ આ મુકામે લખ્યા છે. જેઓ યહૂદી ધર્મ છોડીને મુસલમાન થયા હતા.

ઘણા લોકો એમ સમજતા હતા કે પાછલા ગુનાહો અથવા કુફ્રના કારણે માણસ માટે માફીનો કે ઈમાનનો રસ્તો બંધ થઈ જાય છે, ઘણા એવું માનતા હતા કે હવે આપણે નેક બની જઈશું તો પણ અલ્લાહ તઆલાને એની શું ખબર થવાની ? એટલે હવે ઈમાન – ઈસ્લામ અપનાવવો બેકાર છે, એટલે આગળ અલ્લાહ તઆલા ફરમાવે છે :

આવા લોકો હવે પછી જે કંઈ નેકી કરશે, એની કદર સ્વરૂપે એનો સવાબ આપવામાં આવશે. એવું નહીં થાય કે પાછલી બેદીનીના કારણે હવે એમના માટે નેકી – સવાબના દરવાજા બંધ કરી દેવામાં આવે. અને અલ્લાહ તઆલા આ બધા નેક – મુત્તકી લોકોને સારી રીતે જાણે છે. એમ પણ નથી કે અલ્લાહ

તઆલાને એમના ઈમાન અને નેકીઓની કોઈ જાણ ન હોય.

આયત નં : ૧૧૬ માં ઈસ્લામનો ઈન્કાર કરીને કાફિર રહેનાર અહલે કિતાબ વિશે મુળ ખરાબીનું વર્ણન કરીને એમને એ વિશે જાગૃત કરવામાં આવ્યા છે. ઘણા ખરા અહલે કિતાબ, વિશેષ કરીને સરદારો અને ધાર્મિક નેતાઓ એટલા માટે ઈસ્લામનો ઈનકાર કરતા હતા કે કયાંક એમની સરદારી જતી ન રહે. માલદારો અને લોકો તરફથી એમને જે મોટી ભેટ સોગાદો, દોલત અને માન – મરતબો મળે એ છીનવાય જશે, એટલે અલ્લાહ તઆલાએ એમને યાદ અપાવ્યું કે આ બધું આખિરતમાં અલ્લાહ તઆલા સામે કંઈ કામ નહીં આવે. એના કારણે તમે ઈમાનને નકારો છો તો ખોટનો સોદો છે. આવું કરનાર લોકો દોઝખી છે અને હમેંશા એમાં જ રહેશે. અન્ય ધર્મોમાં પણ માલ અને અવલાદ વિશે આવી ખોટી માન્યતાઓ છે કે માણસનો પુત્ર મૃત્યુ પછી એને નર્કમાંથી ખેંચી લાવે છે, મોક્ષ અપાવે છે, માલ હોય તો એને ખૈરાત કરીને એમ સમજે છે કે ઈસ્લામ સાચો હોય કે અમારો ધર્મ સાચો હોય, ધર્મ બાબતે ભૂલ હોય તો ભલે, આપણે માલ તો ભલાઈ અને સદકાર્યોમાં ખર્ચ કરીએ જ છીએ, એના બદલામાં આપણને નજાત મળી જશે..વગેરે.. આ બધાનું ખંડન પણ આ આયતમાં આવી ગયું. અને એટલે જ આગળની આયતમાં ઈમાન – ઈસ્લામ વગરનો વ્યર્થ છે, એ સમજાવવા એક ઉદાહરણ અલ્લાહ તઆલાએ વર્ણવ્યું છે. ઈમાન વગર સદકાર્યોમાં ખર્ચ કરીને માણસ એમ સમજતો હોય કે મને આ આખિરતમાં કામ આવશે, એનું ઉદાહરણ એવું છે, જેમ કોઈ માણસ ઘણી મહેનત કરીને ખેતી કરે, અને આશા રાખે કે સીઝનના દિવસોમાં આ ખેતી મને ઘણો પાક રળી આપશે, પણ હિમપાત અને વાવાઝોડામાં આખી ખેતી બળી જાય છે, અને કંઈ હાથ આવતું નથી. આવી જ રીતે ઈમાન વગર દુનિયામાં કરેલા સદકાર્યો અને પુણ્યો, માણસના કુફ્ર – શિર્કના કારણે બળીને નષ્ટ થઈ જાય છે. આખિરતમાં એ ઉપયોગી નહીં નિવડે.

આખિરતમાં આમ થાય તો એમાં અલ્લાહ તઆલાનો એમના ઉપર કોઈ ઝુલમ નથી. ઝુલમ તો એમણે પોતે પોતાની ઉપર કર્યો હતો કે દુનિયામાં ઈમાન વગર ખોટી આસ્થાએ ખર્ચ કરતા રહેતા હતા.

---

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

*અનુવાદ : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.*

૧૩૬ *(બ્લેકબર્ન. યુ.કે.)*

# જુમ્આના દિવસની મહત્વતા અને ફઝીલત

***જુમ્આના દિવસ ચેહરો બનાવવો, નખ કાપવા***

(٢٤٢) عَنْ اَبِى هُرَيْرَةَؓ اَنَّ النَّبِىَّ ﷺ كَانَ يَقْلِمُ اَظْفَارَهٗ وَيَقُصُّ شَارِبَهٗ يَوْمَ الْجُمُعَةِ قَبْلَ اَنْ يَخْرُجَ اِلَى الصَّلٰوةِ۔ (رواه البزاء والطبرانى فى الاوسط)

**તરજુમો:– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)જુમ્આના દિવસે નમાઝ માટે જતાં પહેલાં નખ અને લબો (મુછો) કાતરતા હતા.**

***જુમ્આ માટે સ્વચ્છ અને ઉમદા કપડાંનો પ્રબંધ***

(٢٤٣) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ السَّلَامِؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ مَاعَلٰى اَحَدِكُمْ اِنْ وَجَدَ اَنْ يَّتَّخِذَ ثَوْبَيْنِ لِيَوْمِ الْجُمُعَةِ سِوٰى ثَوْبَىْ مَهْنَتِهٖ (رواه ابن ماجة)

**તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન સલામ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યું : તમારામાંથી કોઈની પાસે શકિત હોય અને એ દરરોજ કામ કાજ વખતે પહેરવાના કપડાં સિવાય જુમ્આના દિવસ માટે કપડાંની એક જોડ બનાવી રાખે તો એમાં કંઈ ખોટું નથી**

**ખુલાસો :– દરરોજ પહેરવાના કપડાં સિવાય ખાસ જોડ બનાવી રાખવામાં શંકા થઈ શકે છે કે કદાચ એ ઝુહદ અને ફકીરીની શાન વિરૂધ્ધ ત્થા ના પસંદ હોય, આ હદીષમાં ખરેખર તે શંકા દૂર કરવામાં આવી છે. અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ફરમાવવાનો ભાવાર્થ એ**

છે કે જુમ્આ જેવા દીની ઈજતિમાઅ માટે જે મુસ્લિમોની અઠવાડીક ઈદ છે. જો કે શકિત મુજબ સારા કપડાં પહેરવા અલ્લાહને પસંદ છે. એટલા માટે તેના માટે ખાસ જોડ કપડાં બનાવી રાખવામાં વાંધો નથી. તબરાનીએ મઅજમ સગીર અને અવસતમાં હઝરત આયશા (રદિ.)થી રિવાયત કરી છે કે :

રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની એક ખાસ કપડાંની જોડ હતી, જે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જુમ્આના દિવસે પહેર્યા કરતા હતા. અને જયારે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) નમાઝથી પરવારી પધારતા હતા તો અમે તેને ગળીવાળી મુકી દેતા હતા. પછી તે આવતી જુમ્આ એ કાઢતા હતા. પરંતુ મુહદ્દીસોના કાયદા મુજબ આ રિવાયતમાં કંઈક કમઝોરી છે.

***<u>જુમ્આ માટે શરૂ વખતમાં જવાની ફઝીલત</u>***

(٢٤٤) عَنْ اَبِی هُرَیْرَةَ رضی قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا كَانَ یَوْمُ الْجُمُعَةِ وَقَفَتِ الْـمَلَائِـكَةُ عَـلٰی بَابِ الْمَسْجِدِ یَكْتُبُوْنَ الْاَوَّلَ فَالْاَوَّلَ وَمِثْلُ الْمُهَجِّرِ كَمَثَلِ الَّـذِی یُهْدِیْ بُدْنَةً ثُمَّ كَالَّذِی یُهْدِی بَقَرَةً ثُمَّ كَبْشاً ثُمَّ دَجَاجَةً ثُمَّ بَیْضَةً فَاِذَا خَرَجَ الْاِمَامُ طَوَوْا صُحُفَهُمْ وَیَسْتَمِعُوْنَ الذِّكْرَ۔ رواه البخاری ومسلم)

તરજુમો:– હઝરત અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: જયારે જુમ્આનો દિવસ હોય છે તો ફરિશ્તા મસ્જિદના દરવાઝા પર ઉભા રહે છે. અને પહેલા આવનારાઓના નામો એક પછી એક લખે છે. અને શરૂ વખતમાં બપોરે આવનાર તે માણસ જેવો છે જે અલ્લાહના દરબારમાં ઊંટની કુર્બાની રજૂ કરે છે. તે પછી બીજા નંબરે આવનાર તે માણસ જેવો છે. જે ગાય રજૂ કરે છે. તેના પછી આવનાર ઘેટુ રજૂ કરનાર સમાન છે. પછી જયારે ઈમામ ખુત્બા માટે મિમ્બર તરફ જાય છે. તો ફરિશ્તાઓ તેમનો ચોપડો બંધ કરી દે છે. અને ખુત્બો સાંભળવા લાગે છે. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– હદીષનો ખરો હેતુ અને આશય જુમ્આના દિવસ શરૂ

ટાઈમમાં જવાની પ્રેરણા આપવાનો છે. અને આગળ પાછળ આવનારના સવાબ અને દરજાઓના ફેરફારને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ વિવિધ પ્રકારની કુર્બાનીઓ સાથે સરખાવી સમઝાવવાની કોશીષ કરી છે.

**જુમ્આની નમાઝ અને ખુત્બા વિષે હુઝૂર (સલ.)નો મામૂલ**

(٢٤٥) عَنْ اَنَسٍ ؓ قَالَ كَانَ النَّبِیُّ ﷺ اِذَا اشْتَدَّ الْبَرْدُ يُبَكِّرُ بِالصَّلٰوةِ وَاِذَا اشْتَدَّ الْحَرُّ اَبْرَدَ بِالصَّلٰوةِ يَعْنِى الْجُمُعَةَ۔ (رواه البخارى)

તરજુમોઃ– હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો મામૂલ હતો કે જયારે સરદી વધુ હોય તો જુમ્આની નમાઝ શરૂ વખતમાં જ પઢી લેતા હતા. અને જયારે મોસમ વધુ ગરમ હોય તો ઠંડા પહોર એટલે ગરમી ઓછી થયા પછી પઢતા હતા. (બુખારી શરીફ)

(٢٤٦) عَنْ جَابِرِ بْنِ سَمُرَةَ ؓ قَالَ كَانَتْ لِلنَّبِیِّ ﷺ خُطْبَتَانِ يَجْلِسُ بَيْنَهُمَا يَقْرَءُ الْقُرْآنَ وَيُذَكِّرُ النَّاسَ فَكَانَتْ صَلٰوتُهٗ قَصْداً وَخُطْبَتُهٗ قَصْدًا۔ (مسلم)

તરજુમોઃ– હઝરત જાબિર બિન સમુરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)બે ખુત્બા આપ્યા કરતા હતા. અને બંને વચ્ચે (થોડીવાર માટે) બેસતા હતા, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)તે ખુત્બાઓમાં કુર્આન પાકની આયતો પણ પઢતા હતા અને લોકોને નસીહત પણ કરતા હતા, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની નમાઝ પણ વચલી (દર્મિયાની) રહેતી અને ખુત્બા પણ એ જ મુજબ દર્મિયાની રહેતા હતા.(મુસ્લિમ શરીફ)

ખુલાસો :– મતલબ એ છે કે આપના ખુત્બા અને નમાઝ વધુ લાંબી પણ ન હતી, અને બિલ્કુલ ટુંકી પણ નહીં, બલ્કે બંનેમાં સમતોલ પણું અને સમાનતા રહેતી હતી, કિરાઅતના બયાનમાં હદીષો પહેલાં વર્ણન થઈ ચુકી છે. જેમાં બતાવ્યું હતું કે જુમ્આની નમાઝમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વધુ પડતી કઈ સૂરતો પઢતા હતા.

(۲٤۷) عَنْ جَابِرٍؓ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا خَطَبَ اِحْمَرَّتْ عَيْنَاهُ وَعَلَا صَوْتُهٗ وَاشْتَدَّ غَضَبُهٗ حَتّٰى كَاَنَّهٗ مُنْذِرُ جَيْشٍ يَقُوْلُ صَبَّحَكُمْ وَمَسَّاكُمْ وَيَقُوْلُ بُعِثْتُ اَنَا وَالسَّاعَةُ كَهَاتَيْنِ وَيَقْرِنُ بَيْنَ اِصْبَعَيْهِ السَّبَّابَةِ وَالْوُسْطٰى۔ (رواه مسلم)

તરજુમોઃ– હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)જ્યારે ખુત્બો આપતા હતા, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની આંખો લાલ થઈ જતી હતી, અવાઝ ઉચો થઈ જતો હતો. અને ઘણો જ ગુસ્સો અને જલાલની કેફિયત પેદા થઈ જતી હતી, અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની હાલત તે માણસ જેવી થઈ જતી હતી જેવો કોઈ દુશ્મનનું લશ્કર જોઈને આવ્યો હોય, અને તેની કોમને બચાવવા માટે તૈયાર કરવા કહેતો હોય કે શત્રુની સૈના નજીકમાં જ આવી રહી છે. (બરબાદીઓ સાથે)બસ સવાર સાંજ તમને પકડી લેશે. આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ પણ ફરમાવતા હતા કે મારૂ નબી બનવું અને કયામત આવવું આ બે આંગળીઓ માફક (બિલ્કુલ નજીક છે.) અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) (સમઝાવવા અને દાખલા રૂપે) પોતાની બે આંગળીઓ કલિમાની અને તેની સાથે વચ્ચે વાળી આંગળી મેળવી દેતા હતા. (મુસ્લિમ)

ખુલાસો :– મતલબ એ છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નો ખુત્બો જોશીલો અને પુરજલાલ (રોબદાર) હતો, અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની હાલત, જેવું કહેતા હતા એ પ્રમાણે જ થઈ જતી હતી ખાસ કરી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ખુત્બામાં કયામત નજીક હોવાનું અને તેની બરબાદીઓનો ઉલ્લેખ વધુ કરતા હતા. અને કલ્માની આંગળી અને વચ્ચે વાળી આંગળીને આપસમાં ભેગી કરી ફરમાવતા હતા કે જે પ્રમાણે આ બંને સાથે સાથે છે એ જ મુજબ સમઝો કે મારા પછી કયામત નજીક જ છે. હવે વચમાં કોઈ નબી આવનાર નથી, મારા જ યુગમાં કયામત આવશે, તેની તૈયારી કરો.

***જુમ્આની નમાઝ પહેલાં અને પછીની સુન્નતો***

(۲٤۸) عَنْ اِبْنِ عَبَّاسٍؓ قَالَ كَانَ رَسُوْلُ اللّٰهِ ﷺ يَرْكَعُ قَبْلَ الْجُمُعَةِ اَرْبَعاً

وَبَعْدَهَا اَرْبَعاً۔ (رواه الطبرانی فی الکبیر)

તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જુમ્આથી પહેલાં ચાર રકાત અને જુમ્આ પછી ચાર રકાત પઢતા હતા.(તબરાની)

(٢٤٩) عَنْ جَابِرِ بْنِ عَبْدِ اللّٰہؓ قَالَ جَاءَ سُلَیْكٌ الْغَطْفَانِیُّ یَوْمَ الْجُمُعَةِ وَرَسُوْلُ اللّٰہِﷺ قَاعِدٌ عَلَی الْمِنْبَرِ فَقَعَدَ سُلَیْكٌ قَبْلَ اَنْ یُصَلِّیَ فَقَالَ لَهُ النَّبِیُّ ﷺ اَرَکَعْتَ رَکْعَتَیْنِ قَالَ لَا قَالَ قُمْ فَارْکَعْهُمَا۔ (رواه مسلم)

તરજુમો:– હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ (રદિ.)થી રિવાયત છે કે સુલૈક ગત્ફાની એકવાર જુમ્આના દિવસે એવા સમયે મસ્જિદમાં આવ્યા કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)મિમ્બર પર બેસી ગયા હતા, (એટલે ખુત્બો શરૂ કરવા માટે મિમ્બર પર પધાર્યા હતા, અને હજુ બેઠા જ હતા) તો સુલૈક પણ એ જ હાલતમાં નમાઝ પઢતા પહેલાં બેસી ગયા, (એટલે તેમણે મસ્જીમાં પ્રવેશ કર્યા પછી નમાઝ પઢી નહીં, બલ્કે એ જોઈને કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ખુત્બા માટે મિમ્બર પર જઈ બેસી ગયા છે.) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તેમને ફરમાવ્યું: શું તમે બે રકાત પઢી છે? તેમણે અરજ કરી નહીં, તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું ઉઠો પહેલાં બે રકાત પઢો.

ખુલાસો :– આ હદીષના આધારે ઈમામ શાફઈ (રહ.) ઈમામ અહમદ (રહ.) અને અમૂક બીજા ઈમામોનો મસ્લક છે કે જુમ્આની નમાઝ માટે જે માણસ મસ્જિદમાં આવે, તેના માટે તે દિવસે "તહિય્યતુલ મસ્જિદ" વાજિબ છે, અને જો માની લો કે ઈમામ ખુત્બો શરૂ કરી ચુકયો હોય તો પણ આવનાર બે રકાત "તહિય્યતુલમસ્જિદ" પઢે, પરંતુ ઈમામ અબૂ હનીફા (રહ.) અને ઈમામ માલિક (રહ.) તેમ સુફયાન સૌરી (રહ.) વિગેરે ઘણા ઈમામો તે હદીષોના આધારે કે જેમાં ખુત્બા વખતે ચુપ રહી ધ્યાન પૂર્વક ખુત્બો સાંભળવાની તાકીદ કરવામાં આવી છે. અને

તેની પ્રેરણા આપી છે અને તે જ પ્રમાણે ઘણા સહાબા અને મહાન તાબીઈનના અમલ અને ફત્વાઓના આધારે ખુત્બા વખતે નમાઝ પઢવાની રજા નથી આપતા અને સુલૈક ગત્ફાની (રદિ.)ના આ બનાવની વિવિધ ટિપ્પણીઓ કરે છે. આ મસ્અલામાં બંને તરફની દલીલો ઘણી વઝનદાર છે. જેથી સાવચેતીનું પગલું એ છે કે જુમ્આના દિવસે મસ્જિદમાં એવા વખતે પહોંચી જાય કે ખુત્બાથી પહેલાં ઓછામાં ઓછી બે રકાતો જરૂર પઢી શકાય.

(٢٥٠) عَنْ اَبِی هُرَیْرَةَ ؓ قَالَ قَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِذَا صَلّٰی اَحَدُکُمُ الْجُمُعَةَ فَلْیُصَلِّ بَعْدَهَا اَرْبَعاً۔ (رواہ مسلم)

તરજુમો :હઝ. અબૂ હુરૈરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહી વસલ્લમે ફરમાવ્યું: જયારે તમારામાંથી કોઈ જુમ્આની નમાઝ પઢે તો તે પછી ચાર રકાત બીજી પઢવી જોઈએ.(મુસ્લીમ)

(٢٥١) عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ ؓ قَالَ کَانَ النَّبِیُّ ﷺ لَایُصَلِّیْ بَعْدَ الْجُمُعَةِ حَتّٰی یَنْصَرِفَ فَیُصَلِّیْ رَکْعَتَیْنِ فِی بَیْتِهٖ۔ (رواہ البخاری ومسلم)

તરજુમો:– હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) જુમ્આની નમાઝ પછી કોઈ નમાઝ ન પઢતા હતા, જયાં સુધી કે ઘેર ન પધારતા. પછી ઘરમાં બે રકાત પઢતા હતા.(બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– હદીષની કિતાબોમાં જુમ્આ પછીની સુન્નતો વિષે જે રિવાયતો છે તેમાં બે રકાતનો પણ ઉલ્લેખ છે, ચારનો પણ, અને છનો પણ, ઈમામ તિર્મિઝી (રહ.)એ પોતે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) વિષે લખ્યું છે કે તેઓ જુમ્આ પછી બે રકાત અને તેના પછી ચાર રકાત, મતલબ કે કુલ છ રકાત પણ પઢતા હતા.

એટલા માટે મુજતહિદ ઈમામોના મંતવ્યો પણ એ બાબતમાં વિવિધ છે. અમૂક લોકો બે પર વજન આપે છે. અને અમૂક ચાર રકાત પર અને અમૂક છ રકાત પર.

———————————————————

# જિહાદ એટલે શું ?

## કયા દીની કામો એમાં શામેલ ગણાય છે ?

*હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઈસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ ● મુફતી ફરીદ અહમદ કાવી*

જિહાદ, એટલે કોઈ પણ એવું કામ જે ઈસ્લામના પ્રભાવ માટે અને અધર્મીઓથી રક્ષણ માટે આવશ્યક હોય. આ માટે જે પણ પ્રયત્નો કરવામાં આવે, જો નિય્યત ઉપર મુજબ સાચી હોય તો એ જિહાદમાં શામેલ છે. એક હદીસમાં છે : ઝાલિમ બાદશાહ સામે સાચી વાત કહેવી શ્રેષ્ઠ જિહાદ છે. ઝાલિમ બાદશાહ કાફિર જ હોય એ જરૂરી નથી. મુસલમાન બાદશાહ પણ ઝાલિમ હોય તો એની સામે પણ હક વાત કહેવી જિહાદ છે. બસ, શરત એટલી છે કે આ કામ ઈસ્લામના હિત ખાતર કરવામાં આવ્યું હોય. એક માણસે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું કે, એક માણસ ગનીમત એટલે કે માલની લાલચે લડાઈમાં જાય છે. બીજા માણસ પોતાની શકિત – બહાદુરી બતાવવા લડાઈમાં જાય છે. કોઈ પોતાની નામના – પ્રસિદ્ધિ માટે લડવા જાય છે. આ બધામાં કોનો જિહાદ મોતબર છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જિહાદ તો ફકત તે જ કામ ગણાશે જે અલ્લાહના નામ–કામના પ્રભાવ માટે કરવામાં આવ્યું હોય.

એક હદીસમાં આવ્યું છે કે, કોઈ માણસે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયું કે, એક માણસ દુનિયાના કોઈ લાભ ખાતર જિહાદ કરે છે, નબીએ કરીમ સલ્લલ્લાહુ વ સલ્લમે ફરમાવ્યું : એને કોઈ સવાબ નહીં મળે. સહાબા રદિ.ને નવાઈ લાગી. પૂછનારને એમણે કહયું કે કદાચ તમારો પ્રશ્ન બરાબર રીતે રજુ નથી થયો, માટે ફરીવાર પૂછો. એમણે ફરીવાર પૂછયું તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરીવાર પણ એ જ જવાબ આપ્યો. અને પછી ત્રીજી વાર પૂછયું તો ત્રીજી વાર પણ એ જ જવાબ આપ્યો.

એક સહાબી રદિ. એ અરજ કરી, યા રસૂલલ્લાહ ! મને જિહાદની

હકીકત સમજાવો. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : જો તું અલ્લાહ તઆલા ખાતર સવાબની નિયતે જિહાદ કરે છે તો કયામતમાં એ જ સ્થિતિમાં ઉઠાવવામાં આવીશ. અને લોકોને પોતાની શકિત બતાવવા ખાતર કે કંઈ માલ – દોલત ખાતર જિહાદ કરીશ તો કયામતમાં એ જ સ્થિતિમાં ઉઠાવવામાં આવીશ. અને મુળ વાત આ છે કે જે નિયતે તમે કામ કર્યું હશે, એ જ નિયતે તમને ઉઠાવવામાં આવશે.

એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જિહાદ કરનાર લોકો બે પ્રકારના હોય છે. એક : જેનો મકસદ ફકત અલ્લાહ તઆલાની રઝામંદી હોય. અમીરની વાત માને અને પોતાની પસંદની વસ્તુ પણ જરૂરત પડે તો ખર્ચ કરી દે. સાથીઓ સાથે નરમીનો વર્તાવ કરે, ઝઘડો ન કરે. આવા માણસનું ઉંઘવું અને જાગવું, બધું જ સવાબ છે. બે : જેનો મકસદ રિયાકારી, દેખાવ અને પોતાની ઉચ્ચતા જતાવવાનો હોય, અમીરની વાત ન માને, ઝઘડો કરે, આવો માણસને એની મહેનત પ્રમાણેનો પણ સવાબ નથી મળતો. એટલે કે જેટલો સવાબ મળે છે એનાથી વધારે ગુનો કમાઈને પાછો આવે છે.

માટે દરેક કામમાં આ શરત સહુ પ્રથમ લાગુ પડે છે કે જે કંઈ પણ કરવામાં આવે, એ ફકત અલ્લાહ તઆલાની ખુશી, દીનની હિમાયત અને હક – સત્યની જીત માટે જ કરવામાં આવે. આમ હશે તો પછી અનુભવી દીનદાર લોકોની સલાહ મુજબ આ નિયતે જે પણ કોશિશ કરવામાં આવશે એ સવાબથી ખાલી ન હશે.

ઈખ્લાસની શરત દરેક કામમાં જરૂરી છે. પહેલાં આ હદીસ આવી ચુકી છે કે કયામતના દિવસે જે લોકોને સહુપ્રથમ બોલાવવામાં આવશે એમાં એક શહીદ હશે, એને બોલાવીને અલ્લાહ તઆલાની જે નેઅમતો એને આપવામાં આવી હતી, એ યાદ અપાવવામાં આવશે, અને જયારે તે એ નેઅમતોનો એકરાર કરશે અને યાદ કરશે કે સાચે જ અલ્લાહ તઆલાએ મને કેટલી નેઅમતોથી નવાઝયો હતો, તો પછી એને પૂછવામાં આવશે કે અલ્લાહ તઆલાની આ નેઅમતોને કયાં વાપરી ? એ જવાબમાં કહેશે કે યા અલ્લાહ ! મેં તારા ખાતર પોતાની જાન કુરબાન કરી દીધી. મારી પાસે આ

જ સહુથી વધારે પ્યારી અને કીમતી વસ્તુ હતી. અલ્લાહ તઆલા હુકમ ફરમાવશે કે આ બધું જુઠ છે. તું એટલા માટે લડતો હતો કે લોકો તને મોટો બહાદુર કહે. તારો જે મકસદ હતો એ પૂરો થઈ ગયો. લોકોએ તને મોટો બહાદુર કહી દીધો. અને પછી અલ્લાહ તઆલા હુકમ ફરમાવશે કે એને જહન્નનમાં નાખી દેવામાં આવે. પછી એક આલિમને બોલાવવામાં આવશે. એને પણ અલ્લાહ તઆલાની નેઅમતો યાદ કરાવવામાં આવશે, અને પછી પૂછવામાં આવશે કે આ નેઅમતોનો શું હક અદા કર્યો ? તે કહેશે કે તારા દીનનું ઈલ્મ શીખીને લોકોને શીખવાડયું. તારા કલામને પઢીને લોકોને પઢાવ્યું. અલ્લાહ તઆલા ફરમાવશે કે જૂઠ ! આ બધું એટલા માટે કર્યું કે લોકો તને મોટો વિદ્વાન – આલિમ સમજે. મોટો કારી કહે. તારો આ મકસદ પૂરો થઈ ગયો. લોકોએ તને એ મુજબ કહી દીધું. અને પછી હુકમ કરવામાં આવશે કે આને જહન્નમમાં લઈ જાવો. ત્યાર પછી એક માલદારને બોલાવવામાં આવશે, એને પણ અલ્લાહ તઆલાની નેઅમતો યાદ અપાવની સવાલો કરવામાં આવશે. એ કહેશે કે ભલાઈનું કોઈ એવું કામ મેં નથી છોડયું જયાં ખર્ચ કરવું અલ્લાહ તઆલાને પસંદ હોય અને મેં ખર્ચ ન કર્યો હોય. અલ્લાહ તઆલા ફરમાવશે કે આ બધું જુઠ છે. આ બધા કામો એટલા માટે કરવામાં આવ્યા હતા કે લોકો તને મોટો સખી અને દાનવીર કહે. આ બધું કહેવાય ગયો. મકસદ પૂરો થઈ ગયો. પછી એને પણ જહન્નમાં નાખી દેવામાં આવશે. (મિશ્કાત)

આ વિષયની બીજી પણ અનેક હદીસો છે. માટે દરેક કામમાં અલ્લાહ ખાતર હોવાની નિયત તો જરૂરી છે. અલબત્ત અમુક કામોમાં નામના, રિયાકારી અને અભિમાનની શકયતાઓ વધારે હોય છે. આવી શકયતા જેટલી વધારે હોય એટલી વધારે સાવચેતી રાખવાની જરૂરત રહે છે. અહિંયા તો કદમ કદમ પર ઝિંદાબાદના નારા લાગતા હોય છે. જે માણસને ઘણા સારા લાગે છે. માટે સૌથી મહત્વની બાબત આ છે કે રિયાકારી – નફસની પોતાને સાચવીને જે માણસ આ કામમાં ભાગ લઈ શકતો હોય એણે ભાગ લેવો જોઈએ. ઈસ્લામની હિફાજતનો સબબ બને. અધર્મી – કાફિરોને આગળ આવતા રોકે. આવા કામના સારા હોવાથી કોને ઈન્કાર

હોય શકે છે ? કોને એનો શોખ ન હોય ? આવો કામોને કોણ નાપંસદ કરે કે ઈન્કાર કરે ? માટે જે લોકો કોઈ મજબૂરીના કારણે પોતે શરીક ન થઈ શકતા હોય એમણે ઈખ્લાસ સાથે આવું કામ કરનારાઓની મદદ કરવી જોઈએ. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : જે માણસ અલ્લાહની રાહમાં ખર્ચ કરવા માટે કંઈ મોકલે – આપે અને પોતે ઘરે જ રહે એને પણ એક દિરહમના બદલામાં સાત સો ગણો સવાબ મળે છે. અને જો તે પોતે ભાગ લે તો સાત હઝાર ગણો સવાબ મળશે. માટે જે લોકો કોઈ દુન્યવી કે શરઈ મજબૂરીના કારણે પોતે જિહાદમાં શરીક ન થઈ શકતા હોય એમણે પોતાની શકિત મુજબ તન, મન, ધનથી કામ કરનાર અન્ય લોકોની મદદ જરૂરી કરવી રહી. અલ્લાહ તઆલાનું કેટલું મોટું ઈનામ – એહસાન કહેવાય કે મજૂબર, અશકત, સુસ્ત અને આરામના શોખીન લોકો માટે પણ ભલાઈના દરવાજા બંધ નથી કર્યા. બલકે દરેક ઈબાદતમાં ભાગ લેવાના દરવાજા ખુલ્લા રાખ્યા છે. પછી પણ લોકો બહાના કાઢે અને ગમે તેવી ક્ષુલ્લક વાતોને આડે લાવે તો એની વાત કરવી બેકાર છે.

અહિંયા આ બાબતે પણ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે જિહાદ ફકત લડાઈનું જ નામ નથી. હા, લડાઈ જિહાદનો સૌથી ઉચ્ચ પ્રકાર છે. પરંતુ દરેક એવી કોશિશ જે કલિમએ હકની બુલંદી માટે હોય, એ બધું જિહાદમાં શામેલ છે. માટે જ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઝાલિમ બાદશાહ સામે હક વાત કહેવાને ઉચ્ચ જિહાદ કહયો છે.

અત્રે એક બીજી બાબતની ચોખવટ પણ કરી લઈએ. જે લોકો આવા નેક કામો કરે છે તેઓ મોટા નેક કામમાં મશ્ગૂલ છે, એમાં કોઈ શક નથી. પણ અમુક લોકો એમાં જરૂરતથી વધારે આગળ વધીને ગુલૂ કરે છે, અને કોઈ માણસ જે એની કોઈ મજૂબરી કે બીજી મશ્ગૂલીના કારણે મની સાથે શરીક ન થાય, એને એવો બુરો સમજે છે કે જાણે એને કોઈ ઈબાદત અને નેકી કબૂલ નથી. આવા માણસને ફાસિક – ફાજિર કહેવું તો સામન્ય સમજે છે, બલકે કાફિર પણ કહી દે છે. હાલાંકે આ કામ અગર ફરજે ઐન હોત તો પણ એને છોડનાર ગુનાહે કબીરહ કરનાર કહેવાશે, કાફિર તો ત્યારે પણ નથી ગણાતો. ● ● ● ● ● ●

# અબ્બાસી ખલીફા મન્સૂર અને ઇલ્મે હદીસ

અબ્બાસી ખાનદાનના મશ્હૂર અને વિદ્વાન ખલીફાઓમાં મન્સૂર ઘણો વિદ્વાન અને સમજદાર હતો.

મોટી વિશાળ સલતનત હતી અને એશ – આરામની સત્તા હતી.

એક દિવસ કોઈએ એને પૂછયું કે, અમીરુલ મુઅમિનીન ! દુનિયાનું કોઈ સુખ અને મજા એવું છે જે તમે માણ્યું ન હોય કે તમને નસીબ ન હોય ?

મન્સૂરે વિચારીને જવાબ આપ્યો કે, હા, એક આરજૂ મારા દિલમાં બાકી છે. હું કોઈ મોટા કમરામાં બસ્યો હોઉં, મારી આસપાસ ઈલ્મે હદીસ પઢવા – મેળવવા આવેલ તલબા હોય, તેઓ મારા મોઢેથી સાંભળીને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની હદીસો લખતા હોય, અને એ દરમિયાન કોઈ મને પૂછે કે, હદીસ અને રાવીનું નામ શું છે ? અને જવાબમાં હું કહું કે,

حدثنا فلان قال حدثنا فلان قال حدثنا فلان عن رسول الله ﷺ

એટલે કે મને આ હદીસ ફલાણા રાવીએ સંભળાવી હતા, એમને ફલાણા મુહદ્દિષે શીખવાડી હતી, એમણે ફલાણા સહાબીના મુખે સાંભળી હતી, અને સહાબી નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના મુખે સાંભળીને વર્ણવે છે કે.....

એક મોટા મહાન બાદશાહ અને ખલીફાની આ તમન્ના હતી. સલતનતની સૌથી શકિતશાળી શખસિયતનો આ શોખ હતો. અને એવી અઘરી બાબત પણ ન હતી કે બાદશાહના ઈશારાઓ સમજીને બાદશાહની ઈચ્છા પૂરી કરવા આકાશ પાતાળ એક કરી દેનાર દરબારીઓ એ ઈચ્છા પૂરી ન કરી શકે.

બીજા દિવસે બાદશાહના બધા દરબારીઓ, વઝીરો, અને દોસ્તો હાથમાં કાગળ અને કલમ લઈને દરબારમાં પહોંચ્યા અને અરજ કરી કે આપ હદીસ સંભળાવો અને પઢો. અમે બધા લખીશું.

ખલીફા મોટો વિદ્વાન હતો. અબ્બાસી ખિલાફત પહેલાં ઉમવી ખિલાફત હતી અને આ દરમિયાન એમનું ખાનદાન મદીનાનું એક સામાન્ય કુરેશી ખાનદાન હતું અને મદીના હદીસ પઢતા અન્ય યુવાનોની જેમ મન્સૂર પણ એક

સામાન્ય પણ ઈલ્મનો શોખ ધરાવનાર તાલિબે ઈલ્મ હતો. મન્સૂર માટે અમુક હદીસ સનદ સાથે પઢવી અને લખાવવી ઘણી જ સરળ હતી અને આ ટાણે દરબારમાં હદીસના સબકનું દશ્ય તાજું કરવું ઘણું સરળ હતું.

પરંતુ ....

જયારે એણે દરબાર ઉપર નજર કરી, વઝીરો અને દરબારીઓને જોયા, અને પછી એને યાદ આવ્યું કે, મદીના શરીફમાં હદીસના તલબા કેવી રીતે એમના ઉસ્તાદો પાસે હદીસ પઢે છે, તો કહેવા લાગ્યો :

તમે કયાં અને ઈલ્મે હદીસના તલબા કયાં ?

ઈલ્મે હદીસના તલબા તો એવા મશ્ગૂલ હોય છે કે કપડાં બદલવા – ધોવાનો પણ એમની પાસે સમય નથી હોતો. મેલાં કપડાં પહેરીને સવાર સાંજ હદીસના વિદ્વાનો ઉસ્તાદો પાસે દોડતા હોય છે. ચાલી – દોડીને એમના પગ ફાટી ગયા હોય છે. શ્યાહી અને કલમના વપરાશથી એમના હાથો કાળા હોય છે. ફુરસત ન હોવાથી વાળ વધી ગયા હોય છે. અને દેશ – દેશાવરની સફર ખેડી ચુકયા હોય છે.

અને આમ કહીને મન્સૂરે બધા ખુશામતખોર વઝીરો અને દરબારીઓને હદીસના તાલિબે ઈલ્મ સામે એમનું નિમ્ન સ્થાન બતાવી દીધું.

એકવાર શહેરની બહાર ખલીફા મન્સૂરનો પડાવ હતો. સુફયાન ષોરી રહ. એને મળવા ગયા. મન્સૂરે એમને પોતાના તંબુમાં બોલાવ્યા. હઝ. સુફયાન ષોરી રહ.એ કહયું કે, નીચે પાથરેલો આ ગાલીચો હટાવો તો જ અંદર આવીશ. મન્સૂરે ગાલીચો ઉઠાવી લેવાનો આદેશ કર્યો. હવે હઝ. સુફયાન ષોરી રહ. અંદર આવ્યા અને કુરઆનની આયત "આ માટીમાંથી જ તમને પેદા કરવામાં આવ્યા છે, એમાં જ તમને ભેળવી દઈશું અને પછી એમાંથી જ તમને ફરીવાર પેદા કરીશું" પઢી અને ભોંય ઉપર બેસી ગયા. મન્સૂરની આંખોમાં આંસુ આવી ગયાં. ઘણી વાર સુધી હઝ. સુફયાન રહ.એ એને નસીહત કરી અને પાછા વળ્યા. એમના નીકળવા પછી દરબારના એક મોટા હોદ્દેદાર અબૂ ઉબૈદે કહયું કે, અમીરુલ મુઅમિનીન ! આવા મોંફાટ બેઅદબ માણસના કતલનો આદેશ કેમ નથી કરતા ?

ખલીફા મન્સૂરે કહયું કે, ખામોશ ! આ દુનિયામાં સુફયાન ષોરી અને માલિક બિન અનસ, આ બે માણસો એવા છે જમનો અદબ કરવો જરૂરી છે.●

# ભારતીય સંસ્કૃતિ ઉપર ઈસ્લામનો પ્રભાવ

ભારત દુનિયાની સૌથી પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા દેશોમાંથી એક છે. તેનો પોતાનો આગવો ઈતિહાસ છે. સાંસ્કૃતિક વારસો છે. પરંપરાઓ છે. અને વિષેશતાઓ છે. જેના થકી તે બીજા તે દેશો કરતાં વધુ સમૃધ્ધ અને સંપન્ન છે જેમની પાસે આવી કોઈ વિશેષતા કે સંસ્કૃતિ નથી. ભારતની આ અને એ સિવાય બીજી ઘણી ખૂબીઓ છે,જેના લઈ જુદી જુદી જાતિઓને ભારત પ્રત્યે ઘણું આકર્ષણ રહયું છે. તેમાંથી ઘણા અહીંયાં આવ્યા અને અહીંયાંના જ થઈને રહી પડયા. ભારતની પ્રજા અને સંસ્કૃતિની વિશાળતા કહો કે વિશેષતા; આ એક અતિ મહત્વની વાત છે કે તેમાં દરેકને પોતાનામાં સમાવી લેવાની અને પોતે પણ તેની સાથે હળીમળી જવાની અજીબ ખાસિયત છે.

આ કારણે જ જયારે અરબ મુસલમાનો ભારત પર ચડી આવ્યા તો ભારતીયોએ તેઓના હાથે હારવા છતાં, અને મુસલમાનોએ તેમના પર વિજય મેળવ્યો હોવા છતાં, બન્નેએ કદી પોતાની આ પરિસ્થિતિને યાદ કરી કદી જુદા થવાનું નામ નથી લીધું. મુસલમાનોએ ભારતને જ પોતાનું વતન અને ભારતીયોને જ પોતાના ભાઈ–બહેન બનાવી લીધાં,તો ભારતીયો પણ ઈસ્લામની આગવી ખૂબીઓથી પ્રભાવિત થઈ મુસલમાન થઈ ગયા, ત્યાં સુધી કે એમણે ઈસ્લામના પ્રચાર–પ્રસાર અને રક્ષા કાજે એવી સેવાઓ આપી કે પૂરા ઈસ્લામી વિશ્વને તેમની શકિતનો પરચો બતાવી દીધો. અને કુર્આન,હદીસ અને બીજી ઈસ્લામી વિદ્યાઓમાં એવા વિદ્વાનો પેદા થયા કે મૂળ અરબો કરતાં આ નવ મુસ્લિમો આગળ નીકળી ગયા.

એમ તો ભારતીયો અને અરબોના સંબંધો ઈસ્લામનાં ભારતાગમન પૂર્વે બંધાઈ ચૂકયા હતા. પરંતુ ઈસ્લામ પૂર્વેનાં બિન મુસ્લિમ અરબો અને મુસલમાન બની આવનારા અરબોમાં ઘણો ફેર હતો. ઈસ્લામ પૂર્વેનો કાળ અરબસ્તાન માટે અંધકારયુગ કહેવાય છે. તે દરમ્યાન તેઓ કોઈ વિચારસરણી, ધર્મ, સંપ્રદાય કે માનવીય સંસ્કારોથી પરિચિત ન હતા. એનાથી વિપરીત ઈસ્લામ આવ્યા બાદ અરબોમાં ઘણું પરિવર્તન આવી ચુકયું હતું. ઈસ્લામે તેઓને ઉચ્ચ સંસ્કારોનાં શિક્ષણ સાથે એક એવી જીવનશૈલી આપી હતી,જેની દૂરગામી અસરોથી વિશ્વ આજ સુધી પ્રભાવિત છે. આજ કારણે મુસલમાનો પણ જયારે ભારતમાં આવ્યા તો ભારત પાસે પોતાની આગવી જીવનશૈલી હોવા છતાં ઈસ્લામે તેને પણ પ્રભાવિત કરી.

સૌથી મહત્વની જે વસ્તુ ઈસ્લામ અને મુસલમાનોએ ભારતને આપી તે એકતા અને એકરૂપતા છે. સમાજ અને સમૂહના વિવિધ ક્ષેત્રે એકતા અને સમાનતા,આ એક એવી વસ્તુ હતી,જેને તે પૂર્વે ભારતે જોઈ જાણી ન હતી અને મુસલમાનોના આવ્યા બાદ લગભગ જીવનના દરેક ક્ષેત્રે એની પ્રભાવી અને પરિણામલક્ષી અસરો જોવા મળી.

ભારતીય જીવનના કયા–કયા ક્ષેત્રો ઉપર ઈસ્લામે કેવી કેવી અસરો છોડી એ સમજવા માટે આટલું જાણી લેવું જોઈએ કે તે સમયના ભારતનું સામાજીક માળખું ભેદભાવની વિચારધારા પર આધારિત હતું. મનુસ્મૃતિની વર્ણ વ્યવસ્થાએ માનવીને માનવીય સમાનતા હોવા છતાં એક બીજાથી ઘણો દૂર કરી દીધો હતો. બ્રાહ્મણ અને ક્ષત્રિય શ્રેષ્ઠતમ્ ગણાતા, પવિત્ર વેદનું પઠન ફકત તેઓ જ કરી શકે,મોક્ષ ફકત તેમને જ મળે,તેમના પર કોઈ વેરો નહિ, સઘળી વિદ્યાઓ પર એમનું જ પ્રભુત્વ વગેરે વગેરે. જયારે બીજી તરફ શૂદ્રો અને વૈશ્ય ગણાતા લોકો આ બધાથી વંચિત સમજવામાં–

રાખવામાં આવતા. આ બન્નેથી નીચે વળી અન્ય ઘણી બધી જાતો એવી પણ હતી જેમને શહેરની હદમાં રહેવાની પણ પરવાનગી ન હતી.

સામાજિક માળખાની જેમ રાજકીય માળખું પણ અતિ વેરવિખેર હતું. આખો પ્રદેશ નાનાં રજવાડાંઓમાં વહેંચાયેલ હતો. કોઈ કેન્દ્ર કે આંતરિક સંકલન વિના દરેક પોતાની જગાએ સ્વતંત્ર. ઈતિહાસકારોના મત મુજબ આ બધામાં બે વસ્તુઓ અનિષ્ટોની જડ હતી.

પ્રથમ આ કે દરેક પ્રદેશનું વ્યવસ્થાકીય માળખું જુદું હતું. બીજી એ કે રાજા–મહારાજાઓ ને કાયદા–કાનૂનથી પર સમજી એમને ઉચ્ચતમ્ રાખવામાં આવતા. જેના પરિણામે વ્યવસ્થાકીય એકરૂપતાનું દૂર સુધી નામોનિશાન ન હતું. દરેક વિસ્તારનું તંત્ર જુદું, હોદ્દાઓ જુદા,ચલણ જુદું, અને નિતિ–નિયમો પણ જુદાં, એક પ્રદેશથી બીજા પ્રદેશમાં વેપાર અશકય,ખાસ કરી એટલા માટે પણ કે દરેક રાજા રજવાડાંઓ એક બીજાથી લડતા રહેતાં. મશ્હૂર ઈતિહાસકાર ''અલબેરૂની''ના લખવા પ્રમાણે માહોંમાહેનો કુસંપ એટલી હદે વકરી ગયો હતો કે કોઈ બાહય આક્રમણનો પ્રતિકાર કરવા એક થવાના બદલે તેઓ એકબીજા ની હારમાં જ પોતાની જીત સમજતા. ટુંકમાં ભારતવર્ષનો સંપૂર્ણ પ્રદેશ પ્રાદેશિક અને પજાકીય,બન્ને રીતે વિભાજિત હતો. આવી પરિસ્થિતિમાં જયારે મુસલમાનોએ ભારતમાં પોતાની હુકૂમત સ્થાપી તો પરિવર્તનનું એક વાવાઝોડું ફુંકાય ગયું, અને એક નવી સામાજીક વ્યવસ્થા પોતાની પૂરી શકિત સાથે સામે આવી ગઈ. પરિણામે ભારતીય પરંપરાઓ અને જીવનશૈલીનું ભાગ્યે જ કોઈ પાસું એવું રહયું હશે જેના પર મુસલમાનોના સામાજિક અને ધાર્મિક વિચારોની છાપ ન પડી હોય.

---

# જમીઅતે ઉલમા જિલ્લા ભરૂચની જામિઅહ ઉલૂમુલ કુર્આન-જંબુસરમાં યોજાયેલી અગત્યની મિટીંગ

જામિઅહ ઉલૂમુલ કુઆર્ન–જંબુસરમાં જમીઅતે ઉલમા જિલ્લા ભરૂચની એક અગત્યની મિટીંગ જમીઅતે ઉલમા જિલ્લા ભરૂચના પ્રમુખ મૌલાના મુફતી અહમદ યાકુબ દેવલ્વીની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. આ મિટીંગમાં હાલમાં દેશની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈ ખૂબ જ અગત્યના મુદ્દાઓ ઉપર ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી. મુસ્લીમ સમાજની પોતાની સફાકત, ઓળખ, તહઝીબ, વતનપરસ્તી અને આગવી મઝહબી ઓળખને બાકી રાખવા તલસ્પર્શી મુદ્દાઓને આવરી લેવામાં આવ્યા હતા.

મિટીંગની શરૂઆત તિલાવતે કલામે પાકથી કરવામાં આવી હતી. મૌલાના અબ્બાસ ટાટ સારોદીએ તિલાવતે કલામે પાક કરી હતી. ત્યારબાદ મિટીંગમાં હાજર જમિઅત ઉલમા જિલ્લા ભરૂચના સક્રિય આગેવાન કાર્યકરોની હાજરીમાં મિટીંગ અને ભરૂચ જિલ્લા જમીઅતના સદર મૌલાના મુફતી અહમદ યાકુબ દેવલ્વી સાહેબે ગ્રાઉન્ડ લેવલ ઉપર દરેકે પોતાના વિસ્તારમાં બુનિયાદી કાર્ય કઈ રીતે કરવામાં આવે તે બાબતે વિવિધ એજન્ડાઓ વાંચી સંભળાવ્યા હતા.

દેશના નાગરિક તરીકે પોતાની ઓળખ સાચવી રાખવા માટે ઈલેકટર્સ વેરીફિકેશન સરકારી કાર્યક્રમ અંતર્ગત ગ્રાસરૂટ લેવલે કામ કરવા માટેની સમજ આપી હતી. આ કાર્યક્રમાં સમગ્ર મુસ્લીમ બિરાદરોને ચોકકસપણે ભાગ લેવા અને પોતાના વિસ્તારોમાં સક્રિયતાથી કામ કરવા અનુરોધ કર્યો હતો. ચૂંટણીકાર્ડમાં રહી જતી ક્ષતિઓ તથા નામ, એડ્રેસ, જન્મતારીખ વિગેરેમાં અલગતા અને વિવિધતા હોય તો આધારકાર્ડચ, ચૂંટણીકાર્ડ, પાસપોર્ટ, એલ.સી., જન્મનો દાખલો વિગેરેમાં એકસૂત્રતા જળવાય તે માટે ભૂલો સુધારી લેવા તાકીદ કરી હતી. મતદાર યાદીમાં જેમનું નામ નથી તેમનું વેળાસર રજિસ્ટ્રશન કરાવવા તથા મૃત્યુ પામેલા અથવા સ્થળાંતરકરી ચુકેલના નામો કમી કરાવી લેવા જણાવ્યું હતું.

ચૂંટણીકાર્ડની પ્રસ્તુત કામગીરી માટે બુથ લેવલ અધિકારી માહિતી લેવા આવે ત્યારે ગુજરાતી કે અંગ્રેજી ભાષામાં માહિતી આપતી વેળા ભૂલો ન થાય તેનું ખાસ ધ્યાન રાખવાની તાકીદ કરવામાં આવી. સરકારનો પ્રોગ્રામ NPR (રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર) બનાવવાનો છે. જે ૧લી,એપ્રિલ–૨૦૨૦ થી ૩૦મી,સપ્ટેમ્બર–૨૦૨૦ સુધી ચાલશે. તેમાં પ્રત્યેક નાગરિકે પોતાની પુરેપુરી ઓળખ અને તેના તમામ સાધનિક કાગળો સરખી રીતે તૈયાર રાખવા. આ કાગળોમાં પાસપોર્ટ, લાયસન્સ, આધારકાર્ડપ રેશનકાર્ડ, પાનકાર્ડ, સ્માર્ટકાર્ડ, ચૂંટણીકાર્ડ, પેઢીનામુ, રહેઠાણનો દાખલો, શાળાના પ્રમાણપત્રો વિગેરે તૈયાર રાખવા ઉપર ખૂબ જ ઝીણવટપૂર્વક ઉપસ્થિત જમીઅતના શ્રમસેવકોને કામે લાગી જવા અનુરોધ કર્યો હતો.

ભવિષ્યમાં સરકાર સમગ્ર ભારતમાં NRC (રાષ્ટ્રીય નાગરિકતા નોંધણી)નુ આયોજન કરનાર છે ત્યારે કોઈ પણ જાતના ભય કે ખોફ વગર ગેરસમજમાં આવ્યા વિના ઉપર જણાવેલ આધારો તૈયાર કરવા ઉપર ભાર મુકયો હતો.

ઉપરોકત કામગીરીના અનુસંધાનમાં ઉપસ્થિત જમીઅતના આગેવાનો, સક્રિય કાર્યકરોને પ્રત્યેક શહેર તથા ગ્રામ્યકક્ષાએ સામાજિક કાર્યકરોને, મુસ્લીમ અંજુમનોને, મસ્જીદના ઈમામો અને જાણકાર વ્યકિતઓને સાથે લઈ પોતપોતાના ક્ષેત્રમાં વસતા મુસ્લીમ ભાઈઓના ડોકયુમેન્ટસ તૈયાર કરાવવા માટે જાગૃતિ લાવવા અપીલ કરવામાં આવી હતી. અને તે માટે શહેર તથા ગામડામાં કાર્યાલયો શરૂ કરી કોમ્પ્યુટરના જાણકાર માણસોને સવેતન સેવાઓ આપવા ભરૂચ જિલ્લા જમીઅતે સંપૂર્ણ તૈયારી દર્શાવી હતી.

જમીઅતે ઉલમા જિલ્લા ભરૂચની ગત વર્ષની આવક/જાવકનો હિસાબ રજૂ કરવામાં આવ્યો હતો. જેને સૌ હાજરજનોએ બહાલ રાખ્યો હતો. અને કેરેલાના પુરગ્રસ્તો માટે કરવામાં આવેલ મદદની સરાહના કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં સમગ્ર ભરૂચ જિલ્લામાંથી સક્રિય આગેવાનો, ઈમામો, આલીમો અને સામાજિક કાર્યક્રરો હાજર રહયા હતા. મૌલાના શૌકત અલી બિહારી શેખુલ હદીષ દારૂલ ઉલૂમ–સિતપોણનાએ દુઆ કરાવી હતી.

---

# ઇસ્લામનો અર્થ અને કાર્યવર્તુળ

--હઝ.મવ. અબૂલ હસન અલી મીયાં નદવી (રહ.)

ઈસ્લામ અલ્લાહ સમક્ષ સમપર્ણ (Surrender) થઈ જવાનું નામ છે. માનવ જીવનના સઘળા પાસાઓને પોતાનામાં સમાવતા ધર્મનું નામ છે. ઈસ્લામ એક પાયાની વાસ્તવિકતા છે, જે બંદા (ભકત) અને અલ્લાહ (ઈશ્વર)ના સંબંધોને સમજવાથી આપોઆપ સમજી શકાય છે. દરેક મુસલમાન અલ્લાહનો આજ્ઞાકારી બંદો છે, અને અલ્લાહથી સામાન્ય અને સ્થાયી, ઉંડો અને વ્યાપક, સિમિત અને ભરપૂર દરેક પ્રકારનો સંબંધ ધરાવે છે

કુર્આનમાં છેઃ  હે ઈમાન વાળાઓ,ઈસ્લામમાં પૂરા– સંપુર્ણ દાખલ થઈ જાઓ અને શૈતાનનું અનુસરણ ન કરો. તે તો તમારો ખુલ્લો શત્રુ છે. (૨,૨૦૮)

અહિંયા અનામત કે આરક્ષણ નથી કે આ તમારૂં અને આ અમારૂં.આટલું દેશનું અને આટલું રાજયનું. આ અલ્લાહનું અને આ પરિવાર કબીલાનું, થોડું દીન–ધર્મ માટે અને થોડું રાજનૈતિક લાભ માટે. અહિંયા તો સઘળી ઉપાસના –બંદગી અલ્લાહ માટે જ છે. ઈસ્લામના આ પરિઘમાં માનવ જીવન અને તેના સઘળા પાસાંઓ આવી ગયા છે.

મોટાથી મોટા વિદ્વાન(ફકીહ), સંશોધક(મુજતહીદ) આલિમ, બુઝુર્ગ, પીર, ઓલિયા કે વિદ્વાનને કોઈ એવી વાતમાં સંશોધનનો અધિકાર નથી જે કુર્આન – હદીસમાં સ્પષ્ટ છે.

અલ્લાહની ઈચ્છા, ઈસ્લામની માંગ અને અપેક્ષા છે કે પૂરા– સંપુર્ણ દાખલ થઈ જવામાં આવે. પરંતુ હું સ્પષ્ટ શબ્દોમાં કહેવું મારૂં કર્તવ્ય સમજું છું કે મુસલમાનોની રહેણી કરણી, શાદી વિવાહના રિવાજો, વારસા વહેંચણી, મુઆમલાત અને સામાજીક સંબંધો ઈસ્લામના નીતિ નિયમોથી ઘણાં જ દૂર છે.

કેટલાક લોકો ઈસ્લામી અકાઈદ (બુનિયાદી માન્યતાઓ) પરત્વે પૂરા

પાકા છે, તૌહીદ–એકેશ્વરવાદમાં શ્રધ્ધા ધરાવે છે. અલ્લાહના રસૂલોથી આસ્થા ધરાવે છે. પરંતુ ઈબાદતમાં કાચા પડે છે. ઘણા એવા પણ છે, જેઓ અકાઈદ, ઈબાદતમાં પાકા છે, પરંતુ સામાજીક સંબંધોમાં માની ન શકાય એવા અવિશ્વાસુ હોય છે. કોઈ પણ મામલામાં ધોકાબાઝી, અન્યાય કરીને જ રહે છે. પાડોશીઓને રંજાડે છે. માપ તોલમાં ગરબડ કરે છે. વગેરે...

હદીસમાં આવે છેઃમુસલમાન તે છે, જેની જીભ અને હાથ(ની યાતના, કષ્ટ, સતામણી)થી મુસલમાન રક્ષિત હોય.

તમારામાંથી કોઈ પણ માણસ મુસલમાન ન કહેવાશે, જયાં સુધી એનો પાડોશી એની યાતના, સતામણીથી સુરક્ષિત ન થઈ જાય.

ખેર, આપણામાં એક સમુહ એવો છે, જેણે સઘળા વ્યવહાર, સંબંધો અને મુઆમલાતને ઈસ્લામથી બહાર કરી દીધા છે. ફકત અકાઈદ અને ઈબાદત જ એમનો સંપુર્ણ ઈસ્લામ છે. સંબંધોમાં પારદર્શિતા, વચન પાલન, અમાનદારી, સહિયારી વસ્તુઓમાં ન્યાયપુર્ણ વહેચણી, એમના મતે કોઈ ઈસ્લામી આચારને લગતી બાબત નથી. માનવીય અધિકારો, ચાકરોના હકો, નાત– સગાઈના તકાદાઓથી સ્વતંત્ર, બધામાં જ વ્યકિતગત સ્વાર્થ અને મનમાની.

અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે પોતાના સાનિધ્ય– સોબતમાં રાખી ચાત્રિયવાન અનુયાયીઓ (સહાબાઓ)નો જે અનુકરણીય સમુદાય તૈયાર કર્યો હતો, તેઓ દીન–ધર્મના સંપંર્ણ શ્રધ્ધાળુ ,ઈસ્લામી આચાર વિચારમાં ઘડાયેલા, અકાઈદ, ઈબાદત, મુઆમલાત, આચરણ અને આયોજન, રાજ, સત્તા, જય, પરાજય, અને શાસન વ્યવસ્થા; દરેકમાં ઈસ્લામી નીતિ નિયમોને અનુસરનારા અને આધીન હતા.

———————————————————

શૈખુલ હદીસ હઝ. અકદસ મવ. ઝકરિયા રહ.ના ખલીફા

# હઝરત અકદસ મૌલાના મહમ્મદ યુસૂફ મોતાલા (રહ.)

## અલ્લાહની રહમતે... ઇન્નાલિલ્લાહિ..

મશહૂર આલિમે દીન, શૈખુલ હદીસ, મહાન સુધારક અને મુરબ્બી હઝરત મોલાના મુહમ્મદ ઝકરિય્યહ (રહ.)ના ખલીફા, દારૂલ ઉલૂમ અરબિય્યહ ઈસ્લામિય્યહ બરી (યુ.કે), જામિઅહ ઈમામ મુહમ્મદ ઝકરિય્યહ લિલ્ બનાત બ્રેડફોર્ડ, મદીનતુલ ઉલૂમ ગુડમિનિસ્ટર મરકઝુલ ઉલૂમ બ્લેકબર્ન, મદરસતુલ ઈમામ મુહમ્મદ ઝકરિય્યહ બોલ્ટનના સ્થાપક, વિદ્વાન આલિમ અને કેળવણીકાર શૈખુલ હદીષ હઝરત મવલાના મુહમ્મદ યુસૂફ મોતાલા સાહબનો કેનેડાના પ્રખ્યાત શહેર ટોરેન્ટો (Torento) ખાતે ૧૦ મુહર્રમ હિ.સ ૧૪૪૧, અંગ્રેજી તારીખ ૮ / સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ મગરિબ અને ઈશા દરમિયાન ૮ : ૨૦ કલાકે લાંબી માંદગી બાદ ઈન્તેકાલ થઈ ગયો. ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઇલયૂહિ રાજિઊન !

મૌલાના મુહમ્મદ યુસૂફ બિન સુલૈમાન કાસિમ મોતાલા સા. ૨૫ નવેમ્બર ૧૯૪૬ ના રોજ ગુજરાતના સુરત શહેરમા જનમ્યા, નાઝિરહ અને પ્રાથમિક દીની તા'લીમ મદ્રસા તરગીબુલ કુર્આનમાં લીધી, વધુ તાલીમ અર્થે ઈ.સ. ૧૯૬૧માં જામિઅહ હુસૈનિયહ રાંદેરમાં પ્રવેશ લીધો, ત્યાં તેમણે પાંચ વર્ષ આલિમ કોર્ષની કિતાબો પઢી, ત્યાર બાદ ઈ.સ. ૧૯૬૬માં મદ્રસા મઝાહિરૂલ ઉલૂમ સહારનપુરમાં દાખલો લીધો, ત્યાં તેમણે આલિમ કોર્ષ (દરસે નિઝામી) પૂર્ણ કર્યો. શૈખુલ હદીસ હઝરત મૌલાના ઝકરિય્યહ (રહ.), હઝરત મૌલાના મુહમ્મદ યુનૂસ જોનપૂરી (રહ.) અને હઝરત મૌલાના મુઝફ્ફર હુસૈન સાહબ (રહ.) જેવા મહાનુભવો તેમના ઉસ્તાદો છે. હદીસોની વધુ પડતી કિતાબો ઉકત હસ્તીઓ પાસે પઢી. વિદ્યાર્થીકાળ દરમિયાન હઝરત શૈખુલ હદીસ મૌલાના મુહમ્મદ ઝકરિય્યહ (રહ.) થી બયઅતનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું અને તેમાં એટલી હદે રિયાઝત કરી કે ટુંક સમયમાં જ હઝરતે તેમને ખિલાફતથી

નવાઝયા.

પોતાના પીર અને મુર્શિદના હુકમ અને માર્ગદર્શન મુજબ બ્રિટનને કાર્ય ક્ષેત્ર બનાવ્યું અને ઈ.સ ૧૯૭૩માં દારૂલ ઉલૂમ ઈસ્લામિય્યહ બરીની સ્થાપના કરી. અને સમગ્ર Lancaster વિસ્તારમાં પોતાની દીની, દાવતી મહેનત અને પ્રસાયો થકી લોકોને ઈસ્લામના નજીક કર્યા. એથી વિશેષ જયાં પણ આવશ્યકતા જણાઈ દીની ઈદારાઓની સ્થાપના કરી, આજે યુ.કે. માં અંગ્રેજી ભાષામાં દાવતો તબ્લીગ સાથે જોડાયેલા લોકો તથા મસ્જિદના ઈમામનોની મોટી સંખ્યા છે. જેમણે મૌલાના મર્હૂમના મદ્રસામાંથી ફેઝ ઉઠાવ્યો છે. તેમના નામવર શિષ્યોમાં મૌલાના મુફતી મુહદ્દિસ શબ્બીર અહમદ, શૈખ અ.રહીમ લીંબાડા, મુફતી અ. સમદ, મૌલાના રિયાઝુલ હક અને મુફતી મુહમ્મદ બિન અલ–કૌષરીના નામો અગ્રેસર છે. મૌલાના મર્હૂમ ઈલ્મ, પરહેઝગારી અને લાયકાતમાં યુ.કે ના ઘણા જ પ્રખ્યાત ઉલમામાંથી હતા. તેમનામાં ગજબનું આકર્ષણ હતું જે તેમનાથી જેટલા નજીક હતા તેમના એટલા જ વખાણ કરતા હતા. તેઓ નાનાઓ પર શફકત ફરમાવતા, તેમની તરબીયત કરતા, પરંતુ વર્તાવ એવો કે કોઈ તેમની મજલિસમાં બેસીને પોતાને નાના સમજતા નહીં. તેઓ નિખાલસતા અને મુહબ્બતના પેકર હતા, આ નિખાલસભાવના લીધે તેઓ લોકપ્રિય હતા. પોતાના પ્રયાસો, મહેનત અને મજબૂત ઈલ્મ થકી ઉલમાએ કિરામ વચ્ચે પણ વિશેષ સ્થાન ધરાવતા હતા, આવી હસ્તી વરસો સુધી લોકોના દિમાગોમાં, ઈદારાના ઈતિહાસમાં અને શાર્ગિદોના દિલોમાં જીવિત રહે છે. જો કે તેમનું પવિત્ર શરીર માટીના હવાલે થઈ ગયું છે.

મૌલાના મર્હૂમને અલ્લાહ તઆલાએ લેખન શકિત અને સંકલનનો પવિત્ર શોખ પણ અર્પણ કયો હતો. તેમના સંપાદનો ઈતાઅતુર્રસૂલ, ઈસ્નાદુસ્સહીહા, અહવાલુસ્સાલિહીન વલ કિબારૂ ઈન્દલ્ મૌત અને તારીખે મશાઈખ અહમદાબાદ ઉલમામાં મકબૂલ અને લોકપ્રિય છે. કુરઆન શરીફનો સુંદર ઉર્દૂ તરજુમો પણ આપ રહ.એ ફરમાવ્યો છે.

મૌલાના મર્હૂમે પોતાનું વધુ પડતુ જીવન બ્રિટનમાં પસાર કર્યુ, પરંતુ અવારનવાર પોતાના વતનમાં આવતા રહેતા હતા, જયાં સુધી તેમનું સ્વાસ્થય

સારું રહયું ત્યા સુધી તેમનો આ સિલસિલો ચાલુ રહયો. જયારે ભારત આવતા તો પોતાની ઈલ્મી ભૂમિ મઝાહિરૂલ ઉલૂમ અને પોતાના વતનના મોટા મદરસાઓમાં હાજરી આપવાનો પ્રયાસ કરતા. અુમક વરસો પહેલાં ભારત પધાર્યા ત્યારે જામિઅહ જંબુસરમાં પણ પધાર્યા હતા અને તલબાએ કિરામને નસીહત ફરમાવી હતી. મવલાના રહ.ને હદીસ, તસવ્વુફ ઉપરાંત તારીખ – ઈતિહાસના વિષયમાં પણ ઘણી દિલચસ્પી હતી. 'મશાઈખે અહમદાબાદ' નામી કિતાબમાં અમદાવાદ અને ગુજરાતના સદીઓ જૂના, ગુજરાતના સલતનતકાળ, બલકે એનાથી પણ પહેલાંના ઉલમાના નામો અને એમની સેવાઓનું ટુંક વર્ણન ભેગું ફરમાવ્યું છે. એક મહાન સંશોધન કાર્ય કહી શકાય એવી આ કિતાબ છે. આ શોખના આધારે જ જયારે જામિઅહમાં પધાર્યા હતા, તો અહિંયાથી ગંધાર પણ ગયા હતા. જયાં કહેવાય છે કે ભુતકાળમાં જયારે બંદર હતું ત્યારે તાબેઈન વગેરે મુસલમાનો જહાઝ મારફતે ઉતર્યા હતા.

અભિમાન, મોટાઈ અને પોતાના ઈલ્મ કલા પર જરાયે અભિમાન તેમનામાં ન હતું, જે થકી અલ્લાહ તઆલાએ તેમને આ ઉચ્ચ સ્થાન અર્પણ કર્યું હતું. નબીએ કરીમ (સલ.) નું ફરમાન છે 'જે અલ્લાહના માટે ઝુકી ગયો અલ્લાહ તઆલા તેના દરજાઓ બુલંદ કરે છે''

આજે મૌલાના મર્હૂમ આપણી વચ્ચે નથી, પરંતુ તેઓએ જે ખિદમતો છોડી છે, જે ઈદારાઓ (દીની સંસ્થાઓ) પ્રસ્થાપિત કરી છે, જે મસ્જિદો બનાવી અને સૌથી વધીને શાગિર્દોની મોટી સંખ્યા છોડી છે, જેમણે પોતાના જીવનને દીની ખિદમાત માટે સમર્પિત કરી દીધું છે. આ બધું તેમના માટે સદકએ જારિયહ છે, જેનો સવાબ તેમના નામએ આ'માલમાં સદા લખાતો રહેશે. (ઈન્શાઅલ્લાહ) અને આખિરતમાં બુલંદ દરજાતનું કારણ બનશે.

અલ્લાહ તઆલા મર્હૂમની મગફિરત ફરમાવે, જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. અને તેમના કુટુંબીજનોને સબ્ર – અજ્ર અર્પે. અને ઉમ્મતને બુઝુર્ગો, ઉલમા અને નેક લોકોથી મહરૂમ ન કરે. આમીન.

---

# અલ્લાહની મદદ કઈ રીતે આવે છે ?

*–– અ. મજીદ કોઠી*

અલ્લાહ તઆલાનું ફરમાન છે :

اِنْ تَنْصُرُ اللهَ يَنْصُرْكُمْ وَيُثَبِّتْ اَقْدَامَكُمْ

અર્થ: જો તમે અલ્લાહ તઆલાની મદદ કરશો તો અલ્લાહ તમારી મદદ કરશે અને તમારા કદમોને જમાવી દેશે. (સૂરએ મુહમ્મદઃ ૭)

આ આયત પર ધ્યાન ધરવાની જરૂરત છે.

આપણે દેશની વર્તમાન પરિસ્થિતિ જોઈએ છીએ તો અનુભવીએ છીએ કે અલ્લાહની મદદ ઉતરતી નથી. મુસલમાનો નિસહાય છે, ડગલે ને પગલે તેમના માર્ગમાં કાંટાઓ પાથરેલા છે, ચારે બાજુએથી તેમના પર અત્યાચારો થઈ રહયા છે, જુઠા બહાનો બનાવી તેમની હત્યાઓ થઈ રહી છે, તેમની સાથે અન્યાય થઈ રહયો છે, તેમની શરીઅતને બદલવાના પ્રયાસો થઈ રહયા છે, તેમણે પ્રસ્થાપિત કરેલી સંસ્થાઓ તેમની પાસેથી છીનવી લેવામાં આવી રહી છે. તેમના ઉપર ખોટા આરોપો મૂકી ખોટા કેસમાં ફસાવવામાં આવી રહયા છે, નોકરીઓમાં પણ તેમની સાથે કૌમવાદી વલણ અપનાવવામાં આવી રહયું છે.

નિચોડ આ છે કે અલ્લાહની મદદ ઉતરી રહી નથી અને અલ્લાહની મદદ અને ફઝલ વિના મુસલમાનોને શકિત અને ઈઝઝત મળી શકતી નથી. હવે આ સંદર્ભે વિચારણા કરવી પડશે કે આવું કેમ ? અલ્લાહની મદદથી આપણે વંચિત કેમ છીએ ?

આ સવાલનો જવાબ પણ કુર્આનની ઉકત આયતમાં સંતાએલો છે. આયતમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફરમાવે છે કે જો તમે અલ્લાહની મદદ કરશો તો અલ્લાહ તઆલા તમારી મદદ કરશે અને તમારા કદમોને મજબૂત કરી દેશે. અલ્લાહની મદદ કરવી એટલે કે તેના દીનકી મદદ કરવી. એટલે કે અલ્લાહે પસંદ કરેલ દીન પર પોતે ચાલે અને બીજાઓને પણ ચાલવાની દાવત આપે.

આયતનો સ્પષ્ટ મતલબ આ છે કે જો તમે અલ્લાહના દીન અને તેની

શરીઅત પર અમલ કરશો અને અન્યોને અલ્લાહના દીનની દાવત આપશો તો અલ્લાહની મદદ ઉતરશે. આ જ મતલબ છે આ આયતનો وَاَنۡتُمُ الۡاَعۡلَوۡنَ اِنۡ كُنۡتُمۡ مُّؤۡمِنِيۡنَ "જો તમે ઈમાનવાળા બનશો તો જ તમે સર બુલંદ થાશો" જો આપણે આપણા ભવિષ્યને રોશન કરવું છે તો ઈમાનવાળા બનવું પડશે. પોતાના જીવનને ઈસ્લામી રંગ આપવો પડશે અને દીનના પ્રચારક બનવું પડશે, ઈમાન અને નેક કર્મોનો નમુનો બનવું પડશે.

આજે આખી દુનિયામાં મુસલમાનો પર અત્યાચાર થઈ રહયા છે, દેશ વિદેશમાં મુસ્લિમો પરેશાન છે, તેમ છતાં અલ્લાહની મદદ આવતી નથી. તેનું કારણ છે કે આજે મુસ્લિમો ઈસ્લામી શરીઅતથી દૂર થઈ રહયા છે, સુન્નતોના વિરૂધ્ધ જઈ રહયા છે, કુર્આનના વિરૂધ્ધ જઈ રહયા છે, અલ્લાહને નારાજ કરનાર કામો કરી રહયા છે. આ તેનું જ કારણ છે.

અત્યારે અલ્લાહને મનાવવાનો સમય છે, દીન પ્રત્યે લાપરવાહી દૂર કરવાનો સમય છે. પોતે પણ શરીઅત પર અમલ કરે અને અન્યોને પણ શરીઅત મુજબ ચાલવાની દાવત આપવામાં આવે. આપણે સાચા અને પાકા મુસલમાન બનવાની જરૂરત છે. જો તમે અલ્લાહ તઆલાને મનાવી લીધા તો દુનિયાની કોઈ શકિત તમારો મુકાબલો નહીં કરી શકે.

કુર્આનમાં અન્ય એક આયત છે :

وما النصر الا من عند الله العزيز الحكيم

મદદ માત્રને માત્ર અલ્લાહ તઆલા તરફથી જ મળે છે, એટલે કે જો માણસ કેટલાયે ઉપાયો અને યુકિતઓ કરે પરંતુ અલ્લાહનો ફેસલો મદદ માટે નથી તો કદીયે મદદ મળી શકતી નથી અને બધી તદબીરો છતાં માનવી નિષ્ફળ જશે. માટે ઉપાયો ઉપરાંત અલ્લાહને રાજી કરવા પણ જરૂરી છે અને તેને રાજી કરવાનો અર્થ આ છે કે તેના દરેક આદેશો ઉપર સાચા દિલથી અમલ કરવામાં આવે, બંદગી અને દુઆઓ વડે તેની સાથે તઅલ્લુક પેદા કરવામાં આવે અને દરેક ગુનાહોની તૌબા કરવામાં આવે.

અલ્લાહ તઆલા આપણ સૌને શરીઅત મુજબ અમલ કરવાની તૌફીક આપે. (આમીન)

---

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફ્તી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફ્તી અહમદ દેવલા
સદર મુફ્તી જામિઅહ જંબુસર

## કબર પર ચઢાવેલી અને મસ્જિદમાં ભૂલથી રહી વસ્તુ કે રકમનો હુકમ

**સવાલ:** હઝરત મૌલાના મુફ્તી સાહબ સલામ બાદ જણાવવાનું કે અમારી મસ્જિદની સહનમાં કબર છે, જેના પર લોકો મન્નત પૂરી કરે છે અને કબર પર રૂપિયા, દૂધ, નાળિયેર જેવી વસ્તુઓ ચઢાવે છે અને ત્યાં જ મુકી દે છે.

બીજું કે મસ્જિદના જમાઅતખાનામાં મુસલ્લીઓની અમૂક રકમ નમાઝ પઢવાની હાલતમાં પડી જાય છે, જેને મુસલ્લી લેવાનું ભૂલી જાય છે. તો કબર પર ચઢાવેલી રકમ અથવા જણાવેલી વસ્તુઓ અને મસ્જિદમાંથી મળેલી રકમ અથવા બીજી કોઈ ચીજનું શું કરવું ?

મુસલ્લીની મળેલી રકમ મુસલ્લીના નામ પર સદકો અથવા બીજા કોઈ ખૈરના કામમાં ઈસ્તેઅમાલ કરી શકીએ છીએ ? અને કબર પર મન્નત કરેલી રકમ મસ્જિદના કામમાં લઈ શકીએ છીએ ?

આ બાબત અંગે અમોને કુર્આન અને હદીસની રોશનીમાં જાણ કરશો. કબર ઉપર મન્નત પૂરી કરવા માટે મુસ્લિમ અને ગેર મુસ્લિમ પણ આવે છે તે આપની જાણ માટે છે.

**જવાબ :** 'મન્નત' જેને અરબી અને શરીઅતની ભાષામાં 'નઝર' કહેવામાં આવે છે, ઈબાદત છે અને ઈબાદત વિશે નિયમ છે કે અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈની ઈબાદત કરવી હરામ અને શિર્ક છે, માટે દરગાહ કે દરગાહમાં આરામ ફરમાવી રહેલ બુઝુર્ગના નામની, દરગાહના નામની મન્નત માનવાથી પરહેઝ કરવામાં આવે કે આ એક હરામ કૃત્ય છે.

મસ્જિદના સહનમાં મોજૂદ કબર પર રૂપિયા, દૂધ, નાળિયેર વિવિધ વસ્તુઓ મન્નત રૂપે ચઢાવવામાં આવે છે. અલ્લાહ તઆલા સિવાય અન્યના નામે કુરબાન કરવામાં આવી હોય, તો આ પણ હરામ છે, જેને ઉપયોગમાં લેવું દુરૂસ્ત નથી, ન તો મસ્જિદ કે મદ્રસાના કામ માટે વાપરી શકાય છે, અને ન તો અન્ય કોઈ કામમાં, બલકે આ વસ્તુઓ ચઢાવનારાઓની માલિકીમાં રહે છે, માટે આ વસ્તુઓ તેઓને પરત કરી આપવામાં આવે. અને જો આ વસ્તુઓના માલિકની જાણકારી ન હોય તો આવી સ્થિતિમાં આવી વસ્તુઓ કોઈ મોહતાજ – ગરીબને સદકહ કરી આપવામાં આવે.

*(મઆરિફુલ કુર્આનઃ ૧ / પારા નંબર ૨ / ૭૨, દુર્ર – શામી : ૪ / ૧૪૬ ઉપરથી,*
*ઈમદાદુલ મુફતીન : ૨ / ૧૯૫)*

ગેર મુસ્લિમની મન્નતનો પણ આજ હુકમ છે. (મ.કુર્આન)

અલબત્તા મઝકૂર વસ્તુઓ કબર ઉપર મન્નત રૂપે ચઢાવવામાં ન આવી હોય અને મસ્જિદના વપરાશ માટે કે દરગાહના વપરાશ માટે મુકવામાં આવી હોય અને દરગાહ પણ મસ્જિદથી સંબંધિત હોય, તો આ વસ્તુઓ મસ્જિદના વપરાશમાં લઈ શકાય છે.

*(ઈમદાદુલ મુફતીનઃ ૨ઃ ૧૯૪ / ૧૯૫)*

(૨) મસ્જિદમાંથી જે રકમ અથવા વસ્તુઓ પડેલી મળે છે, તે 'લુકતહ' ખોવાયેલ વસ્તુના હુકમમાં છે, જેના વિશે શરઈ હુકમ એ છે કે તેનું એક મુદત સુધી એલાન કરવામાં આવે અને જયારે એટલી મુદત સુધી એલાન કરી આપે કે એના પછી માલિકના મળવાની આશા બાકી ન રહે તો ગરીબ – મોહતાજને સદકહ રૂપે આપી દે. *(દુર્ર– શામી : ૩ /૩૫૦, ૩૫૧)*

આવી વસ્તુઓને મસ્જિદમાં વાપરવું જાઈઝ નથી.

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.*

*( ૧ / જુમાદલ ઉલા, ૧૪૩૩ હિજરી – ૨૫ / ૩ / ૨૦૧૨ ઈસ્વી)*

---

બોધકથા .

કોઈ એક શહેરમાં એકવાર મોટો ધનવાન શેઠ મુખ્ય રસ્તા ઉપરથી કયાંક જઈ રહયો હતો. માલદારીના અભિમાનમાં રાચતા આ શેઠે ચમકતાં દમકતાં મોંઘા કપડાં પણ એટલા માટે જ પહેર્યા હતા કે રસ્તે ચાલે ત્યારે બધા લોકોનું ધ્યાન એના તરફ આકર્ષાય અને એના ધનદોલતનો લોકોને ખ્યાલ આવે.

રસ્તાની સામે બાજુએથી એક મજૂર માથે લાકડીઓનો મોટો ભારો લઈને આવી રહયો હતો. પરસેવે રેબઝેબ, હાંફળો ફાંફળો એ બુમો પાડતો હતો કે આઘા ખસો, આઘા ખસો. લોકો એને જોઈને રસ્તો આપી દેતા, જેથી એને ચાલવામાં આસાની રહે અને જલદી ઘરે પહોંચીને માથાનો ભાર હેઠે મુકે.

પણ આ અભિમાની શેઠ રસ્તામાંથી હટયો નહીં, અને ગરીબની સામે જ આવીને ઉભો રહી ગયો. બિચારો ગરીબ તો માથે ભાર લઈને દોડી રહયો હતો, એ તો સીધી શેઠને અથડાય પડયો. બંને જણા જમીન ઉપર પડયા અને લાકડીઓનો ભારો બંને ઉપર પડયો. શેઠે જોયું કે એના મોંઘા કપડાં ફાટી ગયાં છે, તો એના ગુસ્સાનો પાર ન રહયો. બુમ પાડીને કહેવા લાગ્યો : આ ગધેડા ! તને ખબર છે કેટલા કીમતી કપડાં તેં ફાડી નાખ્યા ? શેઠ બિચારા ગરીબને અદાલતમાં લઈ આવ્યો અને જજ – કાઝી સમક્ષ બધી વિગત દર્શાવી. કાઝીએ બધી વિગત સાંભળીને ગરીબને ધમકાવીને પૂછયું કે, શા માટે તું શેઠના રસ્તામાં આડો આવ્યો ? શેઠ માટે રસ્તો ખાલી કેમ ન કર્યો ?

બિચાર ગરીબ મજૂર તો આ સવાલથી હેબતાય ગયો, એની પાસે કોઈ જવાબ ન હતો. ચુપચાપ ઉભો રહયો અને હવે કાઝી શું સજા આપશે એની રાહ જોવા લાગ્યો. કાઝીએ શેઠને પૂછયું કે, તમે આ કેવા માણસને પકડી લાવ્યા છો, એ તો ગુંગો છે, કંઈ બોલતો નથી, એની પાસેથી બદલો કેવી રીતે લેશો ? શેઠે કહયું કે, ના, એ ગુંગો નથી. રસ્તે સામેથી આવતી વેળા એ બુમો પાડતો હતો કે આઘા ખસો.

હવે કાઝીએ શેઠને કહયું કે, હે અભિમાની શેઠ ! વાંક તારો જ છે. તને સજા મળવી જોઈએ. એક ટંકના ખાવા માટે મજૂરી કરતા આ ગરીબની સામેથી તારે ખસી જવું જોઈએ, ઉલટાનું તું એની સામે આવી ઉભો !

કહાનીનો સાર આ છે કે અભિમાની માણસ બીજાઓને નાના સમજે છે. તે અન્યો ઉપર પોતાનો હક જતાવે છે, પોતાના ઉપર કોઈ હક છે એનો એહસાસ નથી રાખતો. પણ અંતે પોતાના અભિમાનના લઈને કોઈ ગરીબના હાથે જ અપમાનિત થાય છે. પોતાની કોઈ કાબેલિયતના કારણે આપણે પણ જો કોઈ બીજાને તુચ્છ સમજીએ છીએ તો સમજવું આપણે પણ અભિમાની છે અને ડરવું જોઈએ કે કયાંક આપણું પણ કોઈના હાથે અપમાન ન થઈ જાય.

# Interest

## The biggest sin after polytheism

In the light of the Holy Qur'an and sayings of ProphetMuhammad (PBUH), interest is the biggest sin after polytheism:

O you who believe, fear Allah and give up what still remains of riba (interest), if you are believers. But if you do not (give it up), then listen to the declaration of war from Allah and His Messenger (Surah Al-Baqarah, verse numbers 278-279).

To those who get associated with dealings of interest in any possible manner, Allah and His Prophet (PBUH) have declared a war against them, and such a severe warning is not to be found with reference to other major sins such as adultery, drinking of alcohol etc. Abdullah bin Abbas (RA) says that he who does not agree on quitting his association with interest based dealings, it is the responsibility of the erstwhile caliph to make him repent. In case the person does not follow the injunction then the caliph should get him executed (Tafseer Ibne Katheer).

Prophet Muhammad (PBUH) said, "To consume a dinar of interest is worse than committing adultery 36 times" (Musnad Ahmad)

Prophet Muhammad (PBUH) said, "There are more than seventy divisions of interest and the lowest one is similar to committing adultery with your mother (Muatta Imam Maalik, Tabraani).

Having shared these two introductory sections let me now come to the actual theme of this article. First of all we should go through that statement of Allah's dearest Prophet (PBUH) that, in the larger context of permissible (Halaal), forbidden (Haraam) and suspected things, outlines the Islamic legal principle of avoiding things that are suspected:

Naumaan bin Basheer (RA) narrates that he heard Prophet Muhammad (PBUH) saying, "Halaal is clear, Haraam is clear. Between these two there are a lot of things many people do not know. He, who saved himself from things that are suspected, protected his religion and honour. And he, who gets into things that are suspected (does not stay away from them), will (in due course) fall into things that are forbidden just like the shepherd who takes his goats for grazing near the thorns and increases the likelihood of his getting caught in those thorns"(Bukhari and Muslim).

In the light of this saying of Prophet Muhammad (PBUH) we get to know that in terms of their essence, things are divided into three types:

1. Those that are clearly Halaal. For instance, wearing permissible clothes, eating permissible food etc.

2. Those that are clearly Haraam. For instance, interest, drinking of alcohol, adultery, telling a lie, gobbling up orphan's wealth etc.

3. Those that cast suspicion vis-a-vis their status as Halaal or Haraam. For instance, the issues under discussion (Mutual Funds and Life Insurance).

Majority of the Ulama associated with all the existing schools of thought of the Muslim Ummah agree that these forms of savings are impermissible and forbidden. Some Ulama have considered some of the forms of these investments or savings permissible provided certain conditions are met. Therefore, he who has true love for Prophet Muhammad's (PBUH) sayings and commands, something that each Muslim should have, as Prophet Muhammad (PBUH) said, "No one can be a complete believer till I become dearer to him than his children, his parents and the rest of the humanity" (Bukhari and Muslim), will never go near these suspected affairs, because Prophet Muhammad (PBUH) has categorically mentioned that he who saved himself from things that are suspected protected his religion and honour and he who gets into things that are suspected (does not stay away from them) is like someone falling into things that are forbidden. My dear friends! By not investing money in these saving schemes in case we meet apparent and emporary losses, Allah will provide sustenance to us through other better and permissible means as Allah entions in the Holy Qur'an, "Whoever fears Allah, He brings forth a way out for him, and provides him (with what he needs) from where he does not even imagine.

And whoever places his trust in Allah, He is sufficient for him" (Surah Al-Talaaq, verse numbers 2-3)

-------------------------------------------

### ઝુહદ – ત્યાગ

અસલી ઝુહદ – ત્યાગ આ છે કે માણસ દુનિયા તરફ જુએ, અને પછી યકીન કરે કે દુનિયા તુચ્છ છે. અને પોતાને દુનિયા કરતાં વધારે ઉચ્ચ – શ્રેષ્ઠ સમજીને દુનિયાથી દૂર રહે.

### બદનસીબ માણસો

ત્રણ માણસો બદનસીબ હોય છે.

(૧) જેની પાસે ઈલ્મ હોય પણ અમલ ન કરતો હોય.

(૨) અમલ કરતો હોય પણ ઈખ્લાસ ન હોય.

(૩) નેક લોકોની સોહબતમાં રહેતો હોય પણ એમનું સન્માન – કદર દિલમાં ન હોય.

### કેદખાનું

માનવીનું દિલ – નફસ, કામના અને વાસના જ એ કેદખાનું છે. જે માણસ એમાં ફસાયેલો છો, એ આઝાદ ન કહી શકાય. એમાંથી છુટેલ માણસ જ સાચો આઝાદ છે.

### ઇબાદત માટે કેટલું ખાવું ?

જેટલી ભૂખ હોય એનાથી થોડું ઓછું ખાઓ. આમ કરવાથી ઈબાદતની તોફીક અને શકિત મળશે. વધારે ખાવું નફસ માટે હોય છે, એનાથી ઈબાદતમાં ગફલત આવશે.

### વિશ્વાસ અને દોસ્તી

દરેક પ્રકારના માણસો સાથે દોસ્તી, અને બધા જ માણસો ઉપર વિશ્વાસ મુકવો, બેવકૂફી છે. માણસના દુશ્મનોમાં સૌથી ખતરના તે દોસ્ત હોય છે જે કદી દુશ્મન બની જાય. એટલે દોસ્ત બનાવતી વેળા સાવચેતી રાખો, અને એનાથી વધારે સાવચેતી દોસ્તો ઉપર વિશ્વાસ કરવા અને ભેદની વાતો કરવામાં રાખો.

### ઇલ્મનો મુજાહદહ

ઈલ્મ માટે બે પ્રકારના મુજાહદહ જરૂરી છે. એક એને મેળવવા માટે. અને બીજો ઈલ્મ મેળવ્યા પછી એના ઉપર અમલ કરવા માટે.

### મુસીબતથી બચવાની તદબીર

મુસીબતો અને તકલીફોથી બચવાની આસાન તદબીર આ છે કે માણસ પોતાના આમાલ સુધારી લે. આમ કરવાથી થોડાક જ સમયમાં દુશ્મન દૂર જતો રહેશે.

### ખાધા પછી શુક્ર

ખાધા પછી શુક્ર કરવાનો હુકમ, એક રીતે ખાવું હઝમ કરવાનું ચુરણ છે. જેમ ચુરણથી ખોરાક હઝમ થાય છે અને ફરીવાર ભુખ લાગે છે એમ શુક્ર કરવાથી નેઅમત વધે છે અને અલ્લાહ તઆલા બીજીવાર એ નેઅમત અતા ફરમાવે છે.

### મુસીબતને યાદ ન કરો

મુસીબતનું વારંવાર વર્ણન કરવાથી કે યાદ કરવાથી તકલીફ વધી જાય છે. ઓરતોમાં આ આદત વધારે હોય છે એટલે જ તેઓ કોઈના મોત ઉપર વધારે માતમ કરતી હોય છે.

## ઉલમાએ કિરામની જવાબદારી અને મરતબો

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું ફરમાન છે :

કુરઆન અને હદીસ એટલે કે ઈસ્લામના મુળ સ્ત્રોતોનું જ્ઞાન દરેક કાળે એક બીજા પાસેથી એવા નેક અને યોગ્ય લોકો પાસે પહોંચતું રહેશે જેઓ ઈસ્લામને દીનના નામે 'ગુલૂ' એટલે કે અતિશયોકિત કરનારાઓના ફેરફારથી, બાતિલ એટલે કે અસત્યના રસ્તે ચાલનારાઓની ખયાનતથી અને અજ્ઞાનીઓના ખોટા અર્થઘટનોથી મહફૂઝ રાખશે.

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે આ હદીસમાં અસલી ઈસ્લામના મહફૂઝ રહેવાની આગાહી પહેલાંથી જ કરી દીધી છે. એના રક્ષકો કોણ હશે એ પણ કહી દીધું છે અને દીનની રક્ષા કાજે એમણે કયા ત્રણ પ્રકારની મહેનતો કરવી પડશે એ પ્રતિ ઈશારો પણ કરી દીધો છે.

દીન અને ઈસ્લામનું સાચું ઈલ્મ અને જ્ઞાન ધરાવનાર ઉલમાએ કિરામની સાચી મહેનત આ જ છે. ઈસ્લામ જે મુળ સ્વરૂપે નબવી ઝમાનામાં હતો, એની જ તાલીમ મેળવવી અને એ જ પ્રમાણે આવનારી પેઢી સુધી એ દીન પહોંચાડવો. દરેક કાળના ઉલમાએ હક અડગતા અને દઢતા સાથે આ ખિદમત અંજામ દેતા આવ્યા છે, અને આ પરંપરા ચાલતી જ રહેશે એમાં પણ કોઈ શંકા નથી.

એટલે જ અલ્લાહ તઆલાએ ઉલમાએ કિરામને અંબિયાએ કિરામ અલૈ.ના નાયબ અને ઉત્તરાધિકારી હોવાનું વિશેષ સ્થાન આપ્યું છે. ભૂતકાળથી લઈને આજ સુધી મહાન ઉલમા અને મુસલમાન વિદ્વાનો આ જવાબદારીના એહસાસથી જ સમકાલીન સમસ્યાઓની જાણકારી મેળવીને અને ફિત્નાઓનો તાગ કાઢીને મુસલમાનોની રાહબરી કરવાની ફરજ બજાવતા આવ્યા છે અને બજાવતા રહેશે.. એટલે જ સામાન્ય મુસલમાને દીની બાબતોમાં ઉલમાએ કિરામ પાસેથી રાહબરી મેળવવી અને દીની બાબતોમાં એમની વાત માનવી જરૂરી છે.